ॐ परम तत्वाय नारायणाय गुरुभ्यो नमः ॐ परम तत्वाय नारायणाय गुरुभ्यो नमः

RNI NO.(OLD)NEW :(93246)GUJGUJ/2007/20689 TITLE CODE:GUJGUJ11616

ગાંધીનગર, અમદાવાદ, સુરેન્દ્રનગર, મહેસાણા, સાબરકાંઠા, રાજકોટ, ભાવનગર, વડોદરા, જુનાગઢ અને સુરત જિલ્લાઓમાં બહોળો ફેલાવો ધરાવતું એકમાત્ર દૈનિક

સ્થાપના : 31 મે 2007

વાંચો અંદરના પેજ પર



વેધર વૉચ ગ્રુપની બેઠક યોજાઈ

# કિસાનરાજ

સમગ્ર ભારતનું કિસાનો માટેનું એકમાત્ર દૈનીક સમાચાર પત્ર

વાંચો અંદરના પેજ પર



બાળકોની સલામતિ માટે અભિયાન

●સ્થાપક તંત્રી : હસુભાઈ ઠાકર ●તંત્રી ડો. ઈલેવાન ઠાકર ●Year - 20 ●Issue 55 ● WEDNESDAY-22-07-2026 ●Price0.50/-(Paisa), Annual : 150/- ●Page: 4+4

કાર્યાલય : 403, ચોથે માળ, અખબાર ભવન સેક્ટર-11, ગાંધીનગર-382011(ગુજ.) અમદાવાદ કાર્યાલય : 5 અવની હાઉસ બીજો માળ, મીઠાખડી રેલવે ક્રોસિંગ પાસે, મીઠાખડી ગામ, એલિસબ્રિજ, અમદાવાદ-380006 e-mail:kisanrajdaily@yahoo.com મો.:9978407016, 93288 95485

## વેકેશન પૂર્ણ કરીને ભારત આવેલા રાહુલ ગાંધી તુરંત રાજકીય રોટલા શેકવા કામે લાગ્યા!



### જનહિત નહીં, રાજકીય સ્ટંટ!

# વડાપ્રધાન નિવાસસ્થાન નજીક રાજકીય ધમાસાન



• નવી દિલ્હી

નવી દિલ્હીમાં વડાપ્રધાનના નિવાસસ્થાન નજીક કોંગ્રેસ દ્વારા યોજાયેલા વિરોધ પ્રદર્શનને લઈને દેશભરમાં રાજકીય ચર્ચા તેજ બની છે. કોંગ્રેસે આ સમગ્ર કાર્યક્રમને વિદ્યાર્થીઓના હિત અને NEET મુદ્દે સરકારને ઘેરવાના પ્રયાસ તરીકે રજૂ કર્યો છે, પરંતુ રાજકીય વર્તુળોમાં એવો પણ સવાલ ઉઠી રહ્યો છે કે શું આ પ્રદર્શન ખરેખર વિદ્યાર્થીઓના પ્રશ્નો માટે હતું કે પછી વેકેશન પૂરું કરીને પરત ફરેલા રાહુલ ગાંધી માટે રાજકીય માહોલ ગરમ કરવાનો એક વધુ પ્રયાસ? છેલ્લા કેટલાક સમયથી કોંગ્રેસ સતત વિવિધ મુદ્દાઓ પર કેન્દ્ર સરકારને ઘેરવાનો પ્રયાસ કરી રહી છે. જોકે વિરોધીઓનું કહેવું છે કે જ્યારે દેશના મહત્વના મુદ્દાઓ પર સતત અને રચનાત્મક ચર્ચાની જરૂર હોય ત્યારે કોંગ્રેસનું નેતૃત્વ ઘણી વખત ગેરહાજર રહે છે, પરંતુ રાજકીય ચર્ચા ગરમ થાય અથવા મીડિયાનું ધ્યાન ખેંચવાની તક મળે ત્યારે રાહુલ ગાંધી અચાનક આક્રમક ભૂમિકામાં જોવા મળે છે. પીએમ આવાસ તરફ કરવામાં આવેલા માર્ચ દરમિયાન પોલીસે કોંગ્રેસના નેતાઓને અટકાવ્યા, અટકાયત કરી અને ત્યારબાદ રાજકીય આરોપ-પ્રત્યારોપનો દોર શરૂ થયો. કોંગ્રેસે પોલીસની કાર્યવાહીને લોકશાહી પર હુમલો ગણાવ્યો, જ્યારે ભાજપના નેતાઓએ આ સમગ્ર ઘટનાને પૂર્વ આયોજન હેઠળ કરવામાં આવેલો રાજકીય સ્ટંટ ગણાવ્યો. તેમનું કહેવું છે કે જો સરકાર NEET મુદ્દે ચર્ચા માટે તૈયાર હતી, તો પછી રસ્તા પર અથડામણ ઊભી કરવાની જરૂરિયાત શું હતી? કેન્દ્રીય મંત્રી જિતેન્દ્ર સિંહે પણ દાવો કર્યો કે સરકારે સંસદમાં NEET મુદ્દે ચર્ચા કરવાની તૈયારી દર્શાવી હતી. તેમના જણાવ્યા મુજબ શરૂઆતમાં કોંગ્રેસની એક માંગ સ્વીકારવામાં આવી હતી, પરંતુ ત્યારબાદ નવી માંગો રજૂ કરીને વિરોધ ચાલુ રાખવામાં આવ્યો. ભાજપ આ ઘટનાને કોંગ્રેસની રાજકીય વ્યૂહરચનાનો ભાગ ગણાવી રહી છે, જેમાં ઉકેલ કરતાં વધુ ટકરાવને પ્રાધાન્ય આપવામાં આવે છે. રાજકીય વિશ્લેષકોનું પણ માનવું છે કે વિરોધ પક્ષ તરીકે સરકારને સવાલ પૂછવાનો સંપૂર્ણ અધિકાર છે, પરંતુ તે સાથે સતત જવાબદારીપૂર્વકનું રાજકારણ પણ જરૂરી બને છે. માત્ર પ્રદર્શન, ધરણા અને મીડિયાનું ધ્યાન ખેંચવા માટેના કાર્યક્રમો લાંબા ગાળે સામાન્ય લોકોની સમસ્યાઓનો ઉકેલ લાવી શકતા નથી. રોજગાર, મોંઘવારી, શિક્ષણ અને વિકાસ જેવા મુદ્દાઓ પર વૈકલ્પિક નીતિઓ રજૂ કરવી પણ એટલી જ મહત્વપૂર્ણ છે. વિરોધીઓ એવો આક્ષેપ કરે છે કે રાહુલ ગાંધી વારંવાર પ્રતીકાત્મક વિરોધ અને ટકરાવની રાજનીતિને પ્રાધાન્ય આપે છે. તેમનું કહેવું છે કે જ્યારે ચૂંટણી નજીક આવે અથવા કોઈ મોટો રાષ્ટ્રીય મુદ્દો ચર્ચામાં હોય ત્યારે કોંગ્રેસનું આક્રમક વલણ અચાનક વધી જાય છે. આવા સમયે પ્રશ્ન ઊભો થાય છે કે શું આંદોલનોનો મુખ્ય હેતુ જનહિત છે કે રાજકીય સંદેશ આપવાનો પ્રયાસ? કોંગ્રેસ તરફથી દલીલ કરવામાં આવે છે કે વિદ્યાર્થીઓના ભવિષ્ય સાથે જોડાયેલા પ્રશ્નો પર મજબૂત વિરોધ કરવો જરૂરી હતો અને સરકાર પર દબાણ ઉભું કરવાનું લોકશાહીનું સ્વાભાવિક સાધન છે. બીજી તરફ ભાજપનું કહેવું છે કે સંસદ ચર્ચા માટેનું યોગ્ય મંચ છે અને રસ્તા પરના ટકરાવથી સમસ્યાનો ઉકેલ આવતો નથી. આ સમગ્ર ઘટનાએ ફરી એકવાર દેશના રાજકારણમાં વિરોધની શૈલી અંગે ચર્ચા જગાવી છે. એક તરફ કોંગ્રેસ તેને લોકશાહી હક્કોની લડત તરીકે રજૂ કરી રહી છે, જ્યારે બીજી તરફ ભાજપ તેને રાજકીય નાટક અને જનભાવનાઓને પ્રભાવિત કરવાનો પ્રયાસ ગણાવી રહી છે.

## નેશનલ-ઈન્ટરનેશનલ

### ખેડૂતોના દિલ્હી કૂચની આકરી અસરઃ ભારે વિરોધ વચ્ચે સરકારે 2 શરતો સ્વીકારી

**નવી દિલ્હી** : પંજાબના ખેડૂતો ભારત-અમેરિકા FTA (મુક્ત વ્યાપાર કરાર) સામે દિલ્હી કૂચ માટે નીકળ્યા હતા, પરંતુ હવે ખેડૂતો ધીરે ધીરે ઘરવાપસી કરી રહ્યા છે. શંભૂ, કુંડલી તથા ખનૌરી બોર્ડર પર સવારથી એકઠા થઈને ખેડૂતોએ આક્રોશ સાથે વિરોધ નોંધાવ્યો હતો. પરંતુ સરકારે તેમની કેટલીક માગણીઓ સ્વીકારતા શંભુ બોર્ડરથી પરત ફરી રહ્યા છે. હરિયાણા સરકારે ખેડૂત નેતાઓને મુક્ત કરવા અને કૃષિ મંત્રી સાથે બેઠક યોજવાની માગણી સ્વીકારી લીધી હોવાના અહેવાલ છે. જોકે FTA રદ કરવાની મુખ્ય માગણી પર હજુ સુધી કોઈ નિર્ણય લેવાયો નથી. બે માગણીઓ સ્વીકારાયા બાદ ખેડૂતોએ શંભૂ બોર્ડરથી પરત ફરવાનો નિર્ણય લીધો છે. દિલ્હીમાં યોજાનારી કિસાન મહાપંચાયતને લઈને સોમવારે ભારતીય કિસાન યુનિયન (ચઢૂની)ના વડા ગુરનામ સિંહ ચઢૂનીની હરિયાણા પોલીસે અટકાયત કરતા ખેડૂતોમાં આક્રોશ ફેલાયો હતો, અને તેમને મુક્ત કરવાની પણ માગ સરકારે સ્વીકારી લીધી હોવાના અહેવાલ છે.જ્યારે ખેડૂતો વહેલી સવારે કૂચ કરવા લાગ્યા, ત્યારે વિસ્તારમાં સુરક્ષા વ્યવસ્થા ચુસ્ત કરી દેવામાં આવી હતી, અને ભારતીય ન્યાય સંહિતાની કલમ 163 (Section 163 BNS) લાગુ કરવામાં આવી હતી.

### શેરબજારમાં મંદી : સોના - ચાંદી ઉંચકાયા

**રાજકોટ** : મધ્યપૂર્વમાં અમેરિકા-ઈરાન વચ્ચેના યુધ્ધના ગભરાટ તથા લોંગ ટર્મ કેપીટલ ગેઈન ટેક્સમાં ઘટાડો કે નાબૂદ કરવાની કોઈ દરખાસ્ત ન હોવાના અહેવાલોની અસરે શેરબજારમાં મંદીનો દોર જારી રહ્યો હતો. જ્યારે સોના-ચાંદીમાં જોરદાર ઉછાળો હતો. શેરબજારમાં આજે શરૂઆત નેગેટીવ ટોને થઈ હતી. પ્રારંભિક કામકાજમાં ભાવો બેતરફી વધઘટે અટવાતા રહ્યા બાદ વેચવાલીનું દબાણ આવવા લાગતા મોટા ભાગના શેરો તૂટવા લાગ્યા હતા. દેશના અનેક ભાગોમાં વરસાદની ખાધ હોવાથી અને વિલંબને કારણે કૃષિ વાવેતર-ઉત્પાદન ઘટવાની આશંકાથી સાવચેતી હતી. જાણીતા શેરબ્રોકરોના કહેવા પ્રમાણે યુધ્ધ અને ચોમાસુ માર્કેટને અસરકર્તા બની રહેવાની સંભાવના છે.શેરબજારમાં ટીવીએસ મોટર્સ, મન્નાપુરમ ફાઈનાન્સ, મુથુટ ફાઈનાન્સ, ઈન્ડુસઈન્ડ બેંક, આઈસીઆઈસીઆઈ બેંક, એક્સીસ બેંક, કલ્યાણ જ્વેલર્સ, વોડાફોન, યસ બેંક, યુનિયન બેંક, ગુજરાત ફલોરા, હિમાદ્રી સ્પેશ્યલીટી, પતંજલી વગેરેમાં સુધારો હતો. ડીક્ષોન ટેકનોલોજી, પેટીએમ, અંબર એન્ટરપ્રાઈઝ, વારી એનર્જી, એચડીએફસી બેંક, ટાટા કેપીટલ વગેરેમાં ઘટાડો હતો.

### TMC ના 20 બળવાખોર સાંસદોને અલગ જૂથ તરીકે માન્યતા ન મળી

**કોલકાતા** : પશ્ચિમ બંગાળમાં મમતા બેનર્જીની પાર્ટી તૃણમૂલ કોંગ્રેસ (TMC)માંથી અલગ થયેલાં 20 બળવાખોર સાંસદોને લોકસભા તરફથી મોટો ઝટકો લાગ્યો છે. TMC માંથી રાજીનામું આપીને NCPI માં જોડાયેલાં આ સાંસદોએ લોકસભામાં અલગ જૂથ તરીકે માન્યતા અને ગૃહમાં અલગ બેસવાની વ્યવસ્થા માંગણી કરી હતી, જેને સ્વીકારવામાં આવી નથી. આ ઉપરાંત, તેમણે NDA ને સમર્થન આપવાની વાત કરી હોવા છતાં તેઓ ગઉઅ ના સંસદીય દળની બેઠકમાં પણ સામેલ થઈ શક્યા નહોતાં. વિધાનસભા ચૂંટણીમાં હાર બાદ TMCમાં મોટો આંતરિક કલહ સામે આવ્યો હતો. એક તરફ પશ્ચિમ બંગાળ વિધાનસભામાં ઋતબ્રત બેનર્જીના નેતૃત્વમાં 58 જેટલા ધારાસભ્યોએ અલગ ગ્રુપ બનાવ્યું હતું. તો બીજી તરફ સંસદમાં પાર્ટીનાં 28 માંથી 20 સાંસદો બળવો કરીને અલગ થઈ ગયા હતા. આ બળવાખોર સાંસદોમાં સાયની ઘોષ અને યુસુફ પઠાણ જેવા જાણીતાં ચહેરાઓ પણ સામેલ છે.સંસદનાં ચોમાસું સત્ર પહેલાં યોજાયેલી સર્વપક્ષીય બેઠકમાં પણ આ બળવાખોર સાંસદોની હાજરી સામે વિપક્ષી દળોએ ભારે વિરોધ નોંધાવીને વોકઆઉટ કર્યો હતો. બીજી તરફ, TMC ના જ સાંસદ સોગત રોયે આ બળવાખોરો પર આકરા પ્રહારો કરતાં તેમને 'ગદ્દાર' ગણાવ્યાં હતાં અને ભાજપ-NDA સાથે હાથ મિલાવવાનો આરોપ લગાવ્યો હતો.

### અમિત શાહની ઓફિસમાં મેરેથોન બેઠક : આંદોલનકારીઓને મચક નહી આપે

**નવી દિલ્હી** : ગઈકાલે કોકરોચ જનતા પાર્ટીની કૂચ સંસદ ભવન સુધી પહોંચવાની તૈયારીના દ્રશ્યો સર્જાતા જ સરકાર એક્શનમાં આવી ગઈ હતી. પહેલા શિક્ષણમંત્રી ધર્મેન્દ્ર પ્રધાન, ગૃહમંત્રી અમિત શાહને મળવા દોડી ગયા. શાહના કાર્યાલયમાં જબરી ચહલપહલ રહી હતી પરંતુ આંદોલનકારીઓ શિક્ષણમંત્રીનું રાજીનામુ માંગી રહ્યા હોવાથી તેઓને વાટાઘાટમાં સામેલ ન કર્યા અને આંદોલનકારીઓ સાથે બેઠકની જવાબદારી આરોગ્યમંત્રી જે.પી.નડ્ડાને સોંપી હતી.આ દરમ્યાન ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ નિતીન નબીન, કેન્દ્રીય મંત્રી પિયુષ ગોયલ, સંસદીય બાબતોના મંત્રી કિરણ રિજ્જુ પણ અમિત શાહના કાર્યાલયમાં હાજર હતા પરંતુ સરકારે આંદોલનકારીઓના પ્રસ્તાવ પર કોઈ રાહત નહી આપવા નિર્ણય લીધો હતો.સરકારનો તર્ક એવો હતો કે આ આંદોલનમાં રાજકીય પક્ષો સામેલ છે અને તે બહુ જલ્દી નબળુ પડી જશે. ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામાનો કોઈ પ્રશ્ન જ નથી તેવું વલણ પણ અપનાવાયુ હતું અને આંદોલન અંગે હવે ઈન્ટેલીજન્સ બ્યુરોને પણ સક્રીય કરવામાં આવ્યું છે અને આંદોલનની પાછળ કોણ છે તે ચકાસાશે.

## સોનમ વાંગચુક સફદરજંગ હોસ્પિટલમાંથી ડિસ્ચાર્જઃ વધુ સારવાર માટે મેદાંતા ખસેડાયા

• નવી દિલ્હી

દિલ્હી હાઈકોર્ટના આદેશ બાદ સોનમ વાંગચુકને સફદરજંગ હોસ્પિટલમાંથી ડિસ્ચાર્જ કરવામાં આવ્યા છે. તેમને વધુ સારવાર માટે મેદાંતા હોસ્પિટલ, ગુરુગ્રામની મેડિકલ ટીમને સોંપવામાં આવ્યા છે. ડિસ્ચાર્જ સમયે તેમની હાલત સ્થિર હતી, પરંતુ લોહી સંબંધિત સમસ્યા અને પોટેશિયમનું સ્તર ઓછું હોવાને કારણે, સતત દેખરેખની જરૂર છે. સફદરજંગ હોસ્પિટલ વહીવટી તંત્રના જણાવ્યા અનુસાર, મંગળવારે સાંજે 6:40 વાગ્યે તેમને રજા આપવામાં આવી હતી. ત્યારબાદ તેમના મેડિકલ રિપોર્ટ અને સારવાર સંબંધિત તમામ દસ્તાવેજો મેદાંતાની ડોક્ટરોની ટીમને સોંપી દેવામાં આવ્યા છે.સફદરજંગ હોસ્પિટલે જણાવ્યું કે, ડિસ્ચાર્જ સમયે સોનમ વાંગચુકના મુખ્ય સ્વાસ્થ્ય સંકેતો સ્થિર હતા. જોકે, તેમની પેનસાઈટોપેનિયા (લોહીના ત્રણેય મુખ્ય કોષોમાં ઘટાડો)ની સમસ્યા સર્જાઈ છે. આ સિવાય તેમના શરીરમાં પોટેશિયમનું સ્તર 3.4 mEq/L નોંધાયું હતું. હોસ્પિટલે કહ્યું કે, આગળની સારવારમાં કોઈ મુશ્કેલી ન પડે તે માટે, તમામ તપાસ રિપોર્ટ અને મેડિકલ રેકોર્ડ મેદાંતાની ટીમને સોંપી દેવામાં આવ્યા છે.આ પહેલાં દિલ્હી હાઈકોર્ટે સોનમ વાંગચુકને તરત જ મેદાંતા હોસ્પિટલ, ગુરુગ્રામ શિફ્ટ કરવાનો આદેશ આપ્યો હતો. કોર્ટે કહ્યું હતું કે, તેમની તબિયતને જોતાં સતત નિષ્ણાત ડોક્ટરોની દેખરેખ જરૂરી છે. સુનાવણી દરમિયાન AIIMS અને સફદરજંગ હોસ્પિટલના ડોક્ટરો પણ હાજર હતા. ડોક્ટરોએ મેડિકલ રિપોર્ટના આધારે જણાવ્યું કે, વાંગચુકના શરીરમાં પોટેશિયમનું સ્તર ઓછું છે. સાથે જ TLC રિપોર્ટને લઈને પણ ચિંતા વ્યક્ત કરવામાં આવી હતી.

## PM મોદીએ જ રાહુલને ધરણા પર બેસાડ્યા, જેથી CJPનું આંદોલન નબળું પડે': AAPનો આરોપ

• નવી દિલ્હી

રાહુલ અને પ્રિયંકા ગાંધીના ધરણાને લઈને હવે આમ આદમી પાર્ટી પણ મેદાને આવી છે. આમ આદમી પાર્ટીએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ઘર સામે કોંગ્રેસના ધરણા પર સવાલો ઉઠાવ્યા છે. રાજ્યસભા સાંસદ સંજય સિંહે કહ્યુ કે, કોકરોચ જનતા પાર્ટીના ધરણાને નબળા પાડવા માટે મોદીજીએ રાહુલ ગાંધીને પોતાના આવાસ પર ધરણા પર બેસાડી દીધા છે. જ્યારે દિલ્હીના પૂર્વ CM આતિશીએ પણ આ મુદ્દે સવાલો ઉભા કર્યા છે. આતિશીએ સોશિયલ મીડિયા X પર લખ્યું કે, 'આ કમાલ છે! CJP અને સોનમ વાંગચુક જંતર-મંતર પર 1 મહિનાથી વિરોધ-પ્રદર્શન કરી રહ્યા છે, પરંતુ મોદી સરકાર તેમની સાથે વાત કરવાનો ઈનકાર કરે છે. બીજી તરફ રાહુલ ગાંધીને PM આવાસ બહાર વિરોધ કરવાની મંજૂરી મળી ગઈ અને 1 કલાકની અંદર જ મોદી સરકારે વાતચીત શરૂ કરી દીધી. વાહ! શું જુગલબંધી છે!'સંજય સિંહે X પર પોસ્ટ કરીને લખ્યુ કે, 'દેશના કરોડો યુવાનો માટે સોનમ વાંગચુકજી છેલ્લા 23 દિવસથી આમરણાંત ઉપવાસ પર છે. જંતર-મંતર પર દેશના યુવાનો આંદોલન કરી રહ્યા છે, 20 જુલાઈના રોજ યુવાનોને બર્બરતાપૂર્વક માર મારવામાં આવ્યો. કોંગ્રેસ 1 મહિનાથી આંદોલનની ટીકા કરી રહ્યુ છે, અને હવે રાહુલ ગાંધીજી કહી રહ્યા છે કે, જંતર-મંતર નહીં, અમારા ધરણામાં સામેલ થાઓ. આખરે યુવાનોના આંદોલનને કોંગ્રેસ કેમ નબળું પાડવા માંગે છે? જંતર-મંતરના આંદોલનમાં સામેલ થવાની અપીલ કોંગ્રેસ કેમ નથી કરતી?'

### મોંઘવારી વધવાના એંધાણ !

## ભારતનું ક્રૂડ ઓઈલનું આયાત બિલ 61% વધ્યું

**જૂનમાં સરેરાશ કિંમત ઘટીને 83.22 ડોલર પ્રતિ બેરલ આવી હતી**

• નવી દિલ્હી

ભારતના કાચા તેલનું આયાત બિલ એપ્રિલ-જૂન ત્રિમાસિક ગાળામાં 61% વધીને 49.8 અબજ ડોલર પર પહોંચી ગયું છે, જ્યારે આયાતનો જથ્થો 4% ઓછો રહ્યો છે. તેનું મુખ્ય કારણ અમેરિકા-ઈરાન યુદ્ધના કારણે આંતરરાષ્ટ્રીય બજારમાં કાચા તેલની ઊંચી કિંમતો રહી છે. ખાસ વાત એ છે કે આ સમયગાળા દરમિયાન ભારતે ગયા વર્ષની સરખામણીએ ઓછું કાચું તેલ ખરીદ્યું, પરંતુ આંતરરાષ્ટ્રીય બજારમાં તેલની ઊંચી કિંમતોને કારણે આયાત પરનો ખર્ચ નોંધપાત્ર રીતે વધી ગયો છે.પેટ્રોલિયમ પ્લાનિંગ એન્ડ એનાલિસિસ સેલ (PPAC)ના આંકડા મુજબ, એપ્રિલ-જૂન ક્વાર્ટરમાં ભારતે 59.8 મિલિયન ટન કાચું તેલ આયાત કર્યું, જ્યારે ગયા વર્ષે આ જ ત્રણ મહિનામાં આ આંકડો 62.6 મિલિયન ટન હતો. એટલે કે આયાતના જથ્થામાં લગભગ 4% નો ઘટાડો થયો, પરંતુ કુલ બિલ 61% વધી ગયું. જો માત્ર જૂન મહિનાની વાત કરીએ તો, ભારતે 18.9 મિલિયન ટન કાચું તેલ આયાત કર્યું, જે ગયા વર્ષના જૂન મહિના કરતાં 7% ઓછું છે. આમ છતાં, જૂનનું આયાત બિલ 48% વધીને 14.7 અબજ ડોલર થઈ ગયું.ઈમ્પોર્ટ બિલ વધવાનું સૌથી મોટું કારણ આંતરરાષ્ટ્રીય બજારમાં કાચા તેલની કિંમતોમાં તીવ્ર ઉછાળો રહ્યો. એપ્રિલ અને મે દરમિયાન બ્રેન્ટ ક્રૂડ ઓઈલની કિંમત કેટલીય વાર 100 ડોલર પ્રતિ બેરલને પાર પહોંચી ગઈ હતી. નિષ્ણાતોના મતે, અમેરિકા અને ઈરાન વચ્ચે વધતા લશ્કરી તણાવ અને હોર્મુઝ સ્ટ્રેટ (Strait of Hormuz) બંધ થવાને કારણે તેલના ભાવમાં તેજી આવી. આ માર્ગ વિશ્વના સૌથી મહત્વપૂર્ણ તેલ પરિવહન માર્ગોમાંથી એક માનવામાં આવે છે. અહીં કોઈપણ પ્રકારના અવરોધની અસર સમગ્ર વિશ્વના તેલ બજાર પર પડે છે.એપ્રિલમાં બ્રેન્ટ ક્રૂડની કિંમત પહેલા યુદ્ધવિરામના અહેવાલો બાદ લગભગ 90 ડોલર પ્રતિ બેરલ સુધી ઘટી ગઈ હતી, પરંતુ મહિનાના અંતમાં તણાવ વધતાં તે 126 ડોલર પ્રતિ બેરલથી પણ ઉપર પહોંચી ગઈ. મે મહિનામાં પણ કિંમતો લાંબા સમય સુધી 110 ડોલર પ્રતિ બેરલથી ઉપર રહી.

### 'લોકશાહીની મર્યાદા નેવે મૂકી'

## રાહુલ ગાંધી પોતાની વાતમાંથી ફરી ગયા, કેન્દ્રીય મંત્રીનો દાવો

**NEET પર સંસદમાં ચર્ચા કરવા સરકાર તૈયાર : જિતેન્દ્ર સિંહ**

• નવી દિલ્હી

નવી દિલ્હીમાં કોંગ્રેસના પ્રદર્શન દરમિયાન નેતા વિપક્ષ રાહુલ ગાંધી સાથે મુલાકાત કર્યા બાદ કેન્દ્રીય મંત્રી જિતેન્દ્ર સિંહે ગંભીર આક્ષેપો કર્યા છે. તેમણે જણાવ્યું કે, સરકારે NEET મુદ્દે સંસદમાં ચર્ચા કરવાની માંગ સ્વીકારી લીધી હોવા છતાં રાહુલ ગાંધી પોતાની શરત બદલીને હવે શિક્ષણ મંત્રીના રાજીનામાની માંગ પર અડી ગયા છે. જિતેન્દ્ર સિંહના જણાવ્યા મુજબ રાહુલ ગાંધી જેવા વરિષ્ઠ નેતાનું પોતાની વાતમાંથી ફરી જવું એ અત્યંત કમનસીબ અને લોકશાહીના સિદ્ધાંતોથી વિપરીત છે.જિતેન્દ્ર સિંહે સમગ્ર ઘટનાક્રમ અંગે માહિતી આપતા જણાવ્યું હતું કે, 'કેન્દ્રીય ગૃહ સચિવ ગોવિંદ મોહન સાથે હું કોંગ્રેસના વરિષ્ઠ નેતાઓને મળવા પહોંચ્યો હતો. અમે રાહુલ ગાંધીને આ બિન-અધિકૃત જગ્યાએથી ધરણા સમાપ્ત કરવા વિનંતી કરી હતી, કારણ કે તેનાથી સામાન્ય જનતાને ભારે અસુવિધા થઈ રહી હતી. રાહુલ ગાંધીએ શરત મૂકી છે કે જો સરકાર સંસદમાં NEET અને આંદોલન જોડાયેલા તમામ વિષયો પર ચર્ચા કરવા તૈયાર થાય, તો તેઓ તુરંત ધરણાં પૂરા કરી દેશે. સરકારે વરિષ્ઠ નેતૃત્વની મંજૂરી લઈને તેમની ચર્ચાની માંગ તુરંત સ્વીકારી લીધી હતી.'જ્યારે સરકાર તરફથી ચર્ચાની ખાતરી આપવામાં આવી ત્યારે રાહુલ ગાંધીએ પોતાનો સૂર બદલ્યો હતો. જિતેન્દ્ર સિંહે કહ્યું કે, 'માહિતી પહોંચાડતા જ રાહુલ ગાંધીએ કહ્યું કે તેઓ આટલાથી નહીં માને અને તેમણે કેન્દ્રીય શિક્ષણ મંત્રીના રાજીનામાની પણ ખાતરી માંગી. તેમણે કહ્યું કે હવે મારી બે માંગણીઓ છે - સંસદમાં ચર્ચા અને શિક્ષણ મંત્રીનું રાજીનામું.' જ્યારે તેમને યાદ અપાવવામાં આવ્યું કે પહેલાં માત્ર ચર્ચાની માંગ હતી, તો તેમણે જવાબ આપ્યો કે, 'હવે મારી માંગણીઓ બદલાઈ ગઈ છે.' કેન્દ્રીય મંત્રીએ દાવો કર્યો કે રાહુલ ગાંધીએ વહીવટી વિનંતીઓને ફગાવી દીધી હતી. તેમણે જણાવ્યું કે, 'જ્યારે તેમને વિનમ્રતાથી સમજાવવાનો પ્રયાસ કરાયો કે આટલા વરિષ્ઠ નેતાને વાતથી મુકરવું શોભતું નથી, તો તેમણે કહ્યું કે 'એ મારી મરજી છે.'

### રોડ રસ્તા પર અધધ ખર્ચો

## મોદી સરકારમાં અડધું થઈ ગયું શિક્ષણ બજેટ

**રસ્તાઓ પર બજેટ હિસ્સેદારી લગભગ ત્રણ ગણી વધી**

• નવી દિલ્હી

NEET-UG 2026 પેપર લીક વિવાદ સામે પરીક્ષા પ્રણાલીમાં પારદર્શિતા, જવાબદારી અને શિક્ષણ વ્યવસ્થામાં સુધારાની માગ સાથે યુવાનોનું પ્રદર્શન સતત ચાલુ છે. દિલ્હીના જંતર-મંતર પર છેલ્લા કેટલાક દિવસોથી દેશભરમાંથી આવેલા વિદ્યાર્થીઓ અને યુવાનો પ્રદર્શન કરી રહ્યા છે. NEET-UG 2026 પેપર લીક વારંવાર સામે આવી રહેલા પરીક્ષા કૌભાંડો અને શિક્ષણ વ્યવસ્થામાં જવાબદારીની માગ સાથે સરકાર સવાલોના ઘેરામાં છે. છેલ્લા એક દાયકામાં 150+ સ્પર્ધાત્મક પરીક્ષાઓના પેપર લીક થવાના અહેવાલો સામે આવ્યા છે, જેનાથી કરોડો યુવાનોનું ભવિષ્ય પ્રભાવિત થયું છે.કોઈપણ મંત્રાલયનું મહત્ત્વ માત્ર એ વાતથી નથી મપાતું કે, તેને કેટલા રૂપિયા મળ્યા, પરંતુ એ વાતથી નક્કી થાય છે કે, કુલ કેન્દ્રીય બજેટમાં તેનો હિસ્સો કેટલો છે.2013-14: શિક્ષણ મંત્રાલયને કુલ કેન્દ્રીય બજેટનો 4.6% હિસ્સો મળ્યો હતો.2025-26: આ ઘટીને 2.5% રહી ગયો.છેલ્લા 12 વર્ષમાં શિક્ષણ મંત્રાલયની બજેટ હિસ્સેદારી લગભગ અડધી થઈ ગઈ છે.શાળા શિક્ષણ વિભાગનો હિસ્સો 2013-14ની સરખામણીમાં અડધાથી પણ ઓછો રહી ગયો છે. જ્યારે ઉચ્ચ શિક્ષણ વિભાગની હિસ્સેદારી પણ લગભગ 40% ઘટી ચૂકી છે.બજેટમાં શિક્ષણનો હિસ્સો ઘટ્યો, જ્યારે સડક અને હાઈવે નિર્માણ પર ખર્ચ ઝડપથી વધ્યો.2013-14: સડક પરિવહન અને રાજમાર્ગ મંત્રાલયને કુલ બજેટનો 1.8% હિસ્સો મળ્યો હતો.2025-26: આ વધીને 5.8% થઈ ગયો.એટલે કે 12 વર્ષમાં રસ્તાઓ પર બજેટ હિસ્સેદારી લગભગ ત્રણ ગણી થઈ ગઈ.

### સેક્સટોર્શનથી ડીપફેક સુધીના ઓનલાઈન જોખમો સામે ગુજરાત પોલીસની સજ્જતા

# ઓનલાઈન પ્લેટફોર્મ પર મહિલાઓ અને બાળકોની સલામતિ માટે ગુજરાત પોલીસનું મેગા અભિયાન

**ગુજરાત સરકારની મેગા ઝુંબેશ 'ઓપરેશન સુરક્ષિત સાયબરસ્પેસ' હેઠળ રાજ્યભરમાં ૫ હજારથી વધુ જન જાગૃતિના કાર્યક્રમો યોજાયા**



• અમદાવાદ

વિવિધ ઓનલાઈન પ્લેટફોર્મ પર મહિલાઓ અને બાળકો સલામતિ અનુભવે તે માટે ગુજરાત રાજ્ય પોલીસે નવી પહેલ કરી સતત ૨૮ દિવસ વિશેષ અભિયાન 'ઓપરેશન સુરક્ષિત સાયબરસ્પેસ' ચલાવવામાં આવી રહ્યું છે. આ ઝુંબેશના પ્રથમ બે સપ્તાહમાં જ ગુજરાત પોલીસની શી-ટીમ અને સાયબર સેલે રાજ્યભરમાં ૫,૨૮૯ જેટલા જાગૃતિનાં કાર્યક્રમોનુંસફળતાપૂર્વક આયોજન કર્યું હતું. રાજ્યનાં પોલીસ વડા જી. એસ. મલિકના માર્ગદર્શનમાં ગુજરાત પોલીસે ચલાવેલા આ અભિયાનનો મુખ્ય ઉદ્દેશ્ય સામુદાયિક જોડાણ, ટેક્નોલોજી આધારિત દેખરેખ, પીડિતો સુધી પહોંચ, સાયબર જાગૃતિ અને ઝડપી કાનૂની કાર્યવાહી દ્વારા સાયબર ગુનાઓ અટકાવવાનો છે. સીઆઈડી ક્રાઈમ મહિલા સેલ એડીજીપી અજય ચૌધરીએ જણાવ્યું છે કે, ડિજિટલ યુગમાં મહિલાઓ અને બાળકોની ઓનલાઈન સુરક્ષા એ આપણી સર્વોચ્ચ પ્રાથમિકતા છે. 'ઓપરેશન સુરક્ષિત સાયબરસ્પેસ' દ્વારા અમે ડીપફેક અને સેક્સટોર્શન જેવા ગંભીર સાયબર ગુનાઓ સામે નાગરિકોને જાગૃત કરી એક સુરક્ષિત વાતાવરણનું નિર્માણ કરી રહ્યા છીએ. ગુજરાત પોલીસ દરેક નાગરિકની સુરક્ષા માટે કટિબદ્ધ છે. ઓપરેશન સુરક્ષિત સાયબરસ્પેસ હેઠળ રાજ્યમાં નાગરિકોની સુરક્ષા અને જાગૃતિ માટેનાં કાર્યક્રમોને અભૂતપૂર્વ પ્રતિસાદ સાંપડ્યો હતો. પ્રથમ સપ્તાહ દરમિયાન સાયબર જાગૃતિ અને દ્રશ્યતા અંતર્ગત ૧,૮૭૪ કાર્યક્રમો તેમજ બીજા સપ્તાહ દરમિયાન સેક્સટોર્શન, ડીપફેક અને સાયબર સ્ટોકિંગ જેવા ગંભીર ઓનલાઈન જોખમોના નિવારણ માટે ૩,૪૧૫ વિશેષ સત્રો યોજાયા હતા. આ જન જાગૃતિ કેમ્પનું આયોજન કરીને પોલીસે લાખો નાગરિકો સુધી સીધો સંપર્ક સાધ્યો હતો. અભિયાનના પ્રથમ સપ્તાહમાં રાજ્યમાં વ્યાપક સ્તરે જાગૃતિ અને દ્રશ્યતા વધારવા માટે સઘન ડ્રાઈવ ચલાવવામાં આવી હતી. આ સાત દિવસ દરમિયાન રાજ્યભરમાં વિવિધ પ્રવૃત્તિઓ હેઠળ ૧,૮૭૪ જાગૃતિ કાર્યક્રમો અને રેલીનું સફળ આયોજન કરાયું હતું. જેમાં ડિજિટલ અને શારીરિક સુરક્ષા અંગે જાગૃતિ લાવવા માટે રાજ્યવ્યાપી લોન્ચિંગના ૧૮૫ કાર્યક્રમો, શાળાઓમાં સાયબર સુરક્ષા દિવસ અન્વયે ૪૩૮ કાર્યક્રમો, અને કિશોરી સુરક્ષા દિવસ અંતર્ગત ૩૩૬ વિવિધ પ્રવૃત્તિઓ યોજવામાં આવી હતી. આ ઉપરાંત વાલીઓને જાગૃત કરવા માટે ૩૧૮ અને શિક્ષકોની તાલીમ માટે ૨૮૧ કાર્યક્રમોનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. ઉચ્ચ શિક્ષણ સ્તરે યુવાનોને સાયબર ક્રાઈમથી સુરક્ષિત રાખવા માટે કોલેજોમાં સાયબર કેમ્પેઈનના ૨૦૭ કાર્યક્રમો યોજાયા હતા. તેમજ જનભાગીદારી વધારવા વિવિધ જિલ્લાઓમાં કુલ ૧૦૯ સાયબર રેલીઓ યોજીને નાગરિકોને ડિજિટલ સુરક્ષાના પાઠ ભણાવવામાં આવ્યા હતા. અભિયાનના દ્વિતીય સપ્તાહમાં જાગૃતિથી એક ડગલું આગળ વધીને સાયબર ગુનાઓના નિવારણ અને સુરક્ષાત્મક પગલાંઓ પર વિશેષ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું. આ સપ્તાહ દરમિયાન ડિજિટલ માધ્યમોના સુરક્ષિત ઉપયોગ માટે વિવિધ વિષયો આધારિત કુલ ૪,૧૭૨ જેટલા કાર્યક્રમો અને જનજાગૃતિ કેમ્પનું વિસ્તૃત આયોજન કરાયું હતું. જેમાં સોશિયલ મીડિયાના સુરક્ષિત ઉપયોગ માટે 'સોશિયલ મીડિયા સુરક્ષા' અન્વયે સૌથી વધુ ૭૪૩ કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા. ડિજિટલ છેતરપિંડી અટકાવવા માટે 'ડીપફેક જાગૃતિ' ના ૫૭૮ કાર્યક્રમો, 'સાયબર સ્ટોકિંગ નિવારણ' માટે ૫૧૪ કાર્યક્રમો, તેમજ વધતા જતા સેક્સટોર્શનના ગુનાઓ સામે લોકોને સચેત કરવા 'સેક્સટોર્શન વિરોધી દિવસ' અંતર્ગત ૫૨૦ વિશેષ કાર્યક્રમોનું આયોજન કરાયું હતું. ઓનલાઈન સુરક્ષાના ભાગરૂપે 'ગેમીંગ સુરક્ષા' માટે ૫૧૨ અને 'ઓનલાઈન ગ્રૂમિંગનિવારણ' માટે ૪૬૬ કાર્યક્રમો યોજીને બાળકો અને યુવાનોને રક્ષણ પૂરું પાડવાનો પ્રયાસ કરાયો હતો. આ તમામ પ્રવૃત્તિઓ ઉપરાંત છેવાડાના નાગરિકો સુધી પહોંચવા માટે સમગ્ર રાજ્યમાં કુલ ૪૬૧ જનજાગૃતિ કેમ્પો પણ યોજવામાં આવ્યા હતા. આ ઓપરેશનની સૌથી મોટી વિશેષતા એ છે તેમાં પોલીસ કોન્સ્ટેબલ, આસિસ્ટન્ટ સબ-ઈન્સ્પેક્ટર, હેડ કોન્સ્ટેબલ, પીએસઆઈ અને પોલીસ ઈન્સ્પેક્ટર સુધીના તમામ ફિલ્ડ ઓફિસરો માટે એક્શન પોઈન્ટ્સ નક્કી કરાયા છે. તમામ અધિકારીઓનું મૂલ્યાંકન જાગૃતિ, નિવારણ, અમલીકરણ, તપાસની ગુણવત્તા અને જનવિશ્વાસ જેવા પાંચ મુખ્ય માપદંડો પર કરવામાં આવી રહ્યું છે. ગુજરાત પોલીસે રાજ્યના તમામ નાગરિકોને કોઈપણ પ્રકારના સાયબર ગુના કે ઓનલાઈન સતામણીનો ભોગ બનનારને કોઈ પણ જાતનો ડર રાખ્યા વગર તાત્કાલિક રાષ્ટ્રીય સાયબર હેલ્પલાઈન નંબર ૧૯૩૦ પર સંપર્ક કરી ફરિયાદ નોંધાવા અપીલ પણ કરી છે.

### તંત્રીની કલમે

## વિકાસના નામે પ્રિ-મોન્સૂન ભ્રષ્ટાચાર ક્યાં સુધી સહન કરવાનો

વરસાદની શરૂઆત થતાં જ અમદાવાદ સહિતના મોટા શહેરોમાં ભુવા પડવા, પાણી ભરાવા અને ટ્રાફિક જામ જેવી સમસ્યાઓ સર્જાય છે. પ્રી-મોન્સૂન કામગીરીના નામે ભ્રષ્ટાચાર થતો હોવાથી તંત્રની બેદરકારી સ્પષ્ટ દેખાય છે. શહેરી આયોજનમાં પાણીના નિકાલને અવગણી, તળાવો પુરીને બાંધકામો કરાયા છે. આ વહીવટી નિષ્ફળતા છે, કુદરતી આફત નહીં. 'સ્પોન્જ સિટી' જેવા ઉપાયો કાગળ પરથી અમલમાં મુકાય તો જ સ્થિતિ સુધરશે.સૌથી મોટો પ્રશ્ન એ છે કે શું ભારતમાં ખરેખર વરસાદ વધુ પડી રહ્યો છે કે પછી આપણી શહેરી વ્યવસ્થા સંકોચાઈ ગઈ છે? બીજો જવાબ વધુ સચોટ જણાય છે. કુદરતે પોતાનો સ્વભાવ સંપૂર્ણપણે નથી બદલ્યો. વાસ્તવમાં, આપણે આપણા શહેરોનું ચિત્ર બદલી નાખ્યું છે : આપણા નગર આયોજનમાં વર્ષોથી એક ગંભીર ભૂલ થતી રહી છે. શહેરોને માત્ર વસ્તી વસાવવાની જગ્યા સમજવામાં આવ્યા, જ્યારે પાણીના પ્રવાહના વિજ્ઞાનને લગભગ ભુલાવી દેવાયું. રસ્તાઓ પહોળા થતા ગયા, પરંતુ નાળાઓ સાંકડા થતા ગયા. તળાવો અને વાવો અદ્રશ્ય થતી ગઈ. સિમેન્ટ અને ડામરે ધરતીના શ્વાસ રુંધી નાખ્યા. પાણીને જમીનમાં ઊતરવાના રસ્તા બંધ થતા ગયા : દુર્ભાગ્ય એ છે કે આપણા દેશમાં જવાબદારી નક્કી કરવાની સંસ્કૃતિ હજુ પણ નબળી છે. વરસાદ પૂરો થતાં જ ફાઈલો પણ સુકાઈ જાય છે અને આગામી ચોમાસા સુધી બધું ભુલાવી દેવાય છે. બીજી તરફ સમાજ પણ આ નિષ્ફળતામાંથી સંપૂર્ણપણે મુક્ત નથી. નાળાઓમાં પ્લાસ્ટિક ફેંકવું, જળ નિકાલના માર્ગો પર અતિક્રમણ કરવું, જાહેર સ્થળોને કચરાપેટીમાં ફેરવી દેવા પણ જળભરાવને આમંત્રણ આપે છે ભારતમાં વરસાદ પડવો અને ન પડવો બંને વ્યવસ્થા અને વ્યથાનો ભાગ છે. ચામાસું સારું જાય તો ખેડૂતો માટે સારી વ્યવસ્થા થાય છે પણ બીજી તરફ શહેરોમાં વ્યથા ભોગવવાની આવે છે. વરસાદ ઓછો પડે તો શહેરોમાં સારી વ્યવસ્થા જળવાઈ રહે છે પણ ખેતી માટે વ્યથા ઊભી થાય છે. આ બંને પાસા વચ્ચે એક ત્રીજી વ્યવસ્થા ઊભી થયેલી છે. તે છે ગેરવહિવટના વરસાદની વ્યવસ્થા. દેશના દરેક મોટા શહેરો અને નગરોની પાલિકાઓ અને તેની સાથે સંકળાયેલી એજન્સીઓ દ્વારા એવી અદ્વિતિય વ્યવસ્થા ગોઠવવામાં આવી છે જેમાં અધિકારીઓ અને કોન્ટ્રાક્ટરો આત્મનિર્ભર થઈ ગયા છે.

**ઈલેવાન ઠાકર**

### 'જન્મ ક્યાં અને ક્યારે લેવો તે વ્યક્તિના હાથમાં નથી હોતુ પરંતુ જીવન કેવુ જીવવું તે વ્યક્તિના હાથમાં હોય છે' - શંકરસિંહ વાઘેલા

## ગાંધીનગર ચેરીટેબલ ટ્રસ્ટના મેનેજીંગ ટ્રસ્ટી શંકરસિંહ વાઘેલા બાપુનો જન્મોત્સવ ઉજવાયો



• ગાંધીનગર

ગાંધીનગર ચેરીટેબલ ટ્રસ્ટ સમર્પણ આર્ટસ અને કોમર્સ કોલેજ રાષ્ટ્રીય સેવા યોજના એકમ દ્વારા આજે સંસ્થાના મેનેજિંગ ટ્રસ્ટી અને ગુજરાત રાજ્યના પૂર્વમુખ્યમંત્રી શંકરસિંહજી વાઘેલા બાપુના ૮૭માં જન્મ દિવસની ઉજવણી સમર્પણ એજયુકેશન એન્ડ રિસર્ચ કેમ્પસમાં કરવામાં આવી, આ પ્રસંગે ટ્રસ્ટી મહેન્દ્રસિંહજી વાઘેલા, કેમ્પસ રજીસ્ટ્રાર ડૉ. એમ. ડી. પાંડે તેમજ ટ્રસ્ટ પરિવારની દરેક સંસ્થાના આચાર્ય, અધ્યાપકો, વિધાર્થીઓ અને બિનશૈક્ષણિક કર્મચારીગણ ઉત્સાહભેર ઉપસ્થિત રહ્યા હતા. બાપુના આગમન સમયે કોલેજની વિધાર્થિની કુ. નેન્સી દ્વારા મંત્રોચ્ચાર સાથે તિલક કરવામાં આવ્યું, આજે ગુજરાતના મૂર્ધન્ય કવિ ઉમાશંકર જોશીની જન્મ જયંતી પણ હોવાથી સમર્પણ મૂલ્યપ્રવાહ દ્વારા આયોજિત કાર્યક્રમમાં બાપુ દ્વારા ઉમાશંકર જોશીના તૈલચિત્રને પુષ્પ અર્પણ કરવામાં આવ્યા, ત્યારબાદ કોલેજના વિદ્યાર્થી ભાઈઓ બહેનો, અધ્યાપકો તેમજ રાષ્ટ્રીય સેવા યોજના સ્વયંસેવક અને નેશનલ ક્રેડિટ કોર્પના જવાનો દ્વારા રક્તદાન કરવામાં આવ્યું. બાપુએ કોલેજના પુસ્તકાલયની ખૂબજ ઝીણવટ પૂર્વક મુલાકાત લીધી અને તેના વિકાસ માટે માર્ગદર્શન પણ પૂરું પાડ્યું. સત્કાર સમારંભની શરૂઆત કોલેજની વિધાર્થિની કુ. ઋષ્મિતા દ્વારા સંસ્કૃતમાં જન્મદિન શુભેચ્છા ગાન દ્વારા કરવામાં આવી ત્યારબાદ મંત્રોચ્ચાર સાથે દિપ પ્રાગટ્ય અને સંસ્થાની પરંપરા મુજબ પ્રકૃતિ તુલસી પૂજન કરવામાં આવ્યું, કોલેજના આચાર્ય ડૉ. આશિષ જનકરાય દવેએ ઉપસ્થિત સર્વેનું શાબ્દિક સ્વાગત સાથે બાપુને જન્મદિવસની શુભેચ્છા પાઠવી, કોલેજના ગત વર્ષના સ્ટુડન્ટ ઑફ ધ યર રુદ્રાય વ્યાસ અને વોલિન્ટિયર્સ ઓફ ધ યર દિગ્વિજય સિંહ ઝાલા દ્વારા બાપુને શાલ અને પુસ્તક દ્વારા અને દરેક સંસ્થા દ્વારા સુતરની આંટી પહેરાવી બાપુનું સ્વાગત કરવામાં આવ્યું. શંકરસિંહજીએપોતાનાઉદબોધનમાંપોતાનાવતન વાસણથી રાંધેજા સુધી પગે ચાલીને મેળવેલ શાળા શિક્ષણ, વાસણથી અપ ડાઉન કરી અમદાવાદ કોલેજ શિક્ષણ અને વિસનગર અનુસ્નાતક શિક્ષણ મેળવવાના કઠિન અનુભવને આધારે અનુદાનિત શિક્ષણ આપતી કોલેજ શરૂ કરવાની પ્રેરણા મળી હતી, જીવનમાં કોઈ શૉર્ટકટ નથી, જન્મ ક્યાં અને ક્યારે લેવો તે વ્યક્તિના હાથમાં નથી હોતુ પરંતુ જીવન કેવુ જીવવું તે વ્યક્તિના હાથમાં હોય છે, માટે વિદ્યાર્થીઓ વાડા ઓ માંથી બહાર નીકળી પોતાનું જીવન શ્રેષ્ઠ બનાવવા પ્રયત્નશીલ બનો, અધ્યાપકો અને શિક્ષકો વિદ્યાર્થીઓને પોતાના સંતાનની માફક જ્યારે જોશે ત્યારે જ કેળવણી સાર્થક બનશે, દિવસે દિવસે શિક્ષણમાં ઘટતી જતી સંવેદના મોટી વૈશ્વિક સમસ્યા બનતી જાય છે તેની ટકોર પણ કરી હતી. રાષ્ટ્રગાન સાથે જન્મોત્સવનું સમાપન કરવામાં આવ્યું, કાર્યક્રમનું સંચાલન ગુજરાતી વિભાગના અધ્યક્ષ ડો. દીપક પંડ્યા દ્વારા કરવામાં આવ્યુ હતુ.

### સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર – ગાંધીનગર ખાતે વેધર વૉચ ગ્રુપની બેઠક યોજાઈ

## ડેમની વર્તમાન સપાટી પર સતત નિરીક્ષણથી લઈને વીજ પુનઃસ્થાપન સહિતીની કામગીરી માટે સ્ટેટ કંટ્રોલ રૂમ કાર્યરત

**આવતીકાલે નવસારી, વલસાડ, દમણ અને દાદરા નગર હવેલીમાં કેટલાક સ્થળોએ ભારેથી અતિભારે વરસાદ થવાની સંભાવનાઃ હવામાન વિભાગ**

• ગાંધીનગર

રાજ્યમાં ચોમાસાની ઋતુમાં આગામી દિવસોમાં વરસાદની સંભાવનાઓને ધ્યાનમાં રાખીને આજે સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર (SEOC), ગાંધીનગર ખાતે રાહત કમિશનર ગૌરાંગ મકવાણાના અધ્યક્ષસ્થાને 'વેધર વૉચ ગ્રુપ'ની બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં ચોમાસા દરમિયાન વરસાદી પરિસ્થિતિ સામે નાગરિકોનીસુરક્ષાઅનેઆપત્તિવ્યવસ્થાપન માટેની વહીવટી તંત્રની પૂર્વતૈયારીઓની સર્વગ્રાહી સમીક્ષા કરવામાં આવી હતી. બેઠકમાં રાહત કમિશનર ગૌરાંગ મકવાણાએ તમામ સંબંધિત વિભાગો પાસેથી માહિતી મેળવીને આ વિભાગોને પરસ્પર સુદ્રઢ સંકલન જાળવવા અનુરોધ કર્યો હતો. તેમણે કોઈપણ કટોકટી વખતે સ્ટેટ કંટ્રોલ રૂમને તરત જાણ કરવા સૂચના આપી હતી. તેમણે જણાવ્યું હતું કે, હવામાન વિભાગ દ્વારા રજૂ કરવામાં આવેલા સેટેલાઈટ ઈમેજરી અને અદ્યતન પૂર્વાનુમાનના આધારે રાજ્યમાં દક્ષિણ ગુજરાત સહિત જ્યાં પણ ભારે વરસાદની શક્યતા છે, તેવા તમામ વિસ્તારો પર કંટ્રોલ રૂમ દ્વારા ૨૪ કલાક સતત નજર રાખવામાં આવી રહી છે. રાહત અને બચાવ કામગીરી સંદર્ભે પૂર્વતૈયારીની વિગતો આપતા તેમણે કહ્યું કે, આપાતકાલીન સ્થિતિમાં બચાવ અને રાહત કામગીરી ઝડપથી થઈ શકે તે માટે NDRF અને SDRFની ટુકડીઓને જરૂરી તમામ સાધન-સામગ્રી સાથે સંવેદનશીલ વિસ્તારોમાં તૈનાત કરી દેવામાં આવી છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર ગુજરાતમાં સાયક્લોનિક સર્ક્યુલેશન અને અરબી સમુદ્રમાં સર્જાયેલી હવામાન સિસ્ટમના કારણે આગામી સાત દિવસ દરમિયાન હળવાથી મધ્યમ અને કેટલાક વિસ્તારોમાં ભારેથી અતિભારે વરસાદની શક્યતા છે, જેમાં ખાસ કરીને દક્ષિણ ગુજરાતમાં વ્યાપક વરસાદની આગાહી કરવામાં આવી છે. આવતીકાલ તા. ૨૨ જુલાઈના રોજ દક્ષિણ ગુજરાતના નવસારી, વલસાડ તેમજ દમણ અને દાદરા નગર હવેલીમાં કેટલાક સ્થળોએ ભારેથી અતિભારે વરસાદ થવાની સંભાવના છે. તા. ૨૨ અને ૨૩ જુલાઈના રોજ ઉત્તર અને મધ્ય ગુજરાતના અરવલ્લી, પંચમહાલ, દાહોદ, મહિસાગર, નર્મદા, સુરત, ડાંગ અને તાપી જિલ્લાના કેટલાક વિસ્તારોમાં ખૂબ ભારે વરસાદનીચેતવણીઆપવામાંઆવીછે.તા. ૨૪ જુલાઈના રોજ સાબરકાંઠા, અરવલ્લી, બનાસકાંઠા, મહેસાણા, ગાંધીનગર, આણંદ, ખેડા, પંચમહાલ, દાહોદ અને મહીસાગર તેમજ દક્ષિણ ગુજરાતનાં તમામ જિલ્લાઓમાં છૂટાછવાયા સ્થળોએ ભારે વરસાદની ચેતવણી આપવામાં આવી છે. રાહત કમિશનરએ એમ પણ જણાવ્યું હતુ કે, માળખાકીય સુવિધાઓ અને જળાશયોની સલામતી માટે આગોતરું આયોજન હાથ ધરવામાં આવ્યું છે તેમ જ જળસંપત્તિ અને સિંચાઈ વિભાગ દ્વારા રાજ્યના મુખ્ય ડેમની વર્તમાન સપાટી પર સતત નિરીક્ષણ રાખવામાં આવી રહ્યું છે. મકવાણાએ ઉમેર્યું કે, વરસાદના કારણે જો રસ્તાઓ બંધ થાય ત્યારે વાહનવ્યવહાર ચાલુ રાખવા માટે માર્ગ અને મકાન વિભાગને વૈકલ્પિક માર્ગોની વ્યવસ્થા માટેની સૂચના આપવામાં આવી છે. તેમણે વધુ વિગતો આપતા કહ્યું કે, ઊર્જા વિભાગે વીજ પુરવઠો ખોરવાય તો તેને લઘુત્તમ સમયમાં પુનઃસ્થાપિત કરવા ઈમરજન્સી ટીમો સ્ટેન્ડબાય રાખી છે. આ બેઠકમાં NDRF, SDRF, કોસ્ટગાર્ડ, નેવી, આરોગ્ય, વન, કૃષિ અને મહેસૂલ સહિતના વિવિધ વિભાગોના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### સક્ષમ પ્રતિભાશાળી ખેલાડીઓ ઉત્પન્ન કરવાનું ચાલુ રાખો

## અમદાવાદમાં આંતરરાષ્ટ્રીય ચેસ દિવસ 2026 ની ઉજવણી કરાઈ

• અમદાવાદ

ગુજરાત સ્ટેટ ચેસ એસોસિએશન (GSCA) એ નેક્સસ અમદાવાદ વન મોલ ખાતે ખૂબ જ ઉત્સાહ સાથે આંતરરાષ્ટ્રીય ચેસ દિવસ 2026 ની ઉજવણી કરી, જેમાં છેલ્લા બે વર્ષ દરમિયાન આંતરરાષ્ટ્રીય અને રાષ્ટ્રીય સ્તરે ઉત્કૃષ્ટ પ્રદર્શન કરનારા ગુજરાતના ચેસ ખેલાડીઓની ઉત્કૃષ્ટ સિદ્ધિઓને માન્યતા આપવામાં આવી. કુલ 38 પ્રતિષ્ઠિત ચેસ સિદ્ધિઓને તેમના નોંધપાત્ર પ્રદર્શન બદલ સન્માનિત કરવામાં આવ્યા હતા, જેમાં આંતરરાષ્ટ્રીય ખિતાબ જીતવા, આંતરરાષ્ટ્રીય અને રાષ્ટ્રીય ચેમ્પિયનશિપ જીતવા, મેડલ મેળવવા, આંતરરાષ્ટ્રીય ધોરણો પ્રાપ્ત કરવા અને અન્ય નોંધપાત્ર સિદ્ધિઓનો સમાવેશ થાય છે. આ સમારોહમાં ગુજરાતની ઉભરતી અને સ્થાપિત ચેસ પ્રતિભાના સમર્પણ, ખંત અને શ્રેષ્ઠતાની ઉજવણી કરવામાં આવી હતી. ગુજરાતના પ્રથમ ગ્રાન્ડમાસ્ટર અને FIDE સિનિયર ટ્રેનર ગ્રાન્ડમાસ્ટર તેજસ બાકરે; નેક્સસ અમદાવાદ વન મોલના શ્રીમતી શિલ્પા નાયર; અને ગુજરાત સ્ટેટ ચેસ એસોસિએશનના શ્રી ભાવેશ પટેલ અને શ્રી મયુર પટેલ દ્વારા સિદ્ધિઓનું સન્માન કરવામાં આવ્યું હતું.

ઉજવણીમાં ઉમેરો કરીને, મોલમાં એક ઓપન ચેસ ટુર્નામેન્ટનું પણ આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ચેસ ખેલાડીઓ અને મુલાકાતીઓનો ઉત્સાહભેર સમાવેશ થયો હતો. આ કાર્યક્રમે ચેસને લોકોની નજીક લાવી અને તમામ વય જૂથોમાં રમતની વધતી જતી લોકપ્રિયતા પર પ્રકાશ પાડ્યો. આ પ્રસંગે બોલતા, જનરલ મેનેજર તેજસ બાકરેએ તમામ પુરસ્કાર વિજેતાઓને અભિનંદન આપ્યા અને ભાર મૂક્યો કે ગુજરાત રાજ્ય અને રાષ્ટ્રને ગૌરવ અપાવવા માટે સક્ષમ પ્રતિભાશાળી ખેલાડીઓ ઉત્પન્ન કરવાનું ચાલુ રાખે છે. તેમણે યુવા ખેલાડીઓને રમત પ્રત્યે પ્રતિબદ્ધ રહેવા અને આંતરરાષ્ટ્રીય સ્તરે શ્રેષ્ઠતા માટે પ્રયત્નશીલ રહેવા પ્રોત્સાહિત કર્યા. ઉજવણીના ભાગ રૂપે, એક ખાસ આંતરરાષ્ટ્રીય ચેસ દિવસ કેક કાપવાનો સમારોહ યોજવામાં આવ્યો હતો, જે ચેસની વૈશ્વિક ભાવનાનું પ્રતીક છે અને રમતની ઉજવણીમાં ખેલાડીઓ, માતાપિતા, કોચ, અધિકારીઓ અને ચેસ ઉત્સાહીઓને એકસાથે લાવે છે. GSCA એ નેક્સસ અમદાવાદ વન મોલનો ઉદારતાથી સ્થળ પૂરું પાડવા અને ચેસને પ્રોત્સાહન આપવા અને યુવા રમતગમત પ્રતિભાને પ્રોત્સાહિત કરવામાં સતત સહયોગ આપવા બદલ નિષ્ઠાપૂર્વક આભાર વ્યક્ત કર્યો. એસોસિએશને ગુજરાતની વધતી જતી ચેસ ઈકોસિસ્ટમને મજબૂત બનાવવા માટે વધુ વિકાસલક્ષી પહેલ, ટુર્નામેન્ટ અને તાલીમ કાર્યક્રમોનું આયોજન કરવાની તેની પ્રતિબદ્ધતાને પુનઃપુષ્ટિ કરી.

આ કાર્યક્રમનું સમાપન તમામ સિદ્ધિઓ અને મહાનુભાવોના જૂથ ફોટોગ્રાફ સાથે થયું, જે ગુજરાતમાં શ્રેષ્ઠતા, પ્રેરણા અને ચેસના સતત વિકાસને સમર્પિત એક યાદગાર આંતરરાષ્ટ્રીય ચેસ દિવસની ઉજવણીનું પ્રતીક છે.

### શિક્ષણ અને સુરક્ષાને પ્રાથમિકતા આપવા પરિવારજનોને સમજણ આપી

## રસ્તો ભૂલેલી સગીરાના પરિવારની ભાળ મેળવી પરિવારને સુરક્ષિત સોંપતી અભયમ



• જે બી ટાંક પત્રકાર સુરત

કતારગામ વિસ્તારમાં રસ્તો ભૂલી ગયેલી ૧૭ વર્ષીય સગીરાને અભયમ ૧૮૧ મહિલા હેલ્પલાઈનની ટીમે સુરક્ષિત રીતે તેના પરિવારને સોંપી હતી. એક જાગૃત નાગરિક દ્વારા ૧૮૧ પર કોલ કરીને જાણ કરાતાં કતારગામ રેસ્ક્યૂ વાનની ટીમે સગીરાને સંરક્ષણમાં રાખી પરિવાર સાથે મિલન કરાવ્યું હતું.

અભયમને કાઉન્સેલિંગ દરમિયાન જાણવા મળ્યું કે, બિહારની વતની આ સગીરા છેલ્લા એક મહિનાથી સુરતમાં પોતાના મોટા બાપા સાથે રહેતી હતી અને બહેન સાથે હીરાના કારખાનામાં કામ અર્થે જતી હતી. ઘટનાના દિવસે તે એકલી નીકળતાં રસ્તો ભૂલી ગઈ હતી અને તેની પાસે ફોન કે કોઈનો સંપર્ક નંબર ન હોવાથી મુશ્કેલીમાં મુકાઈ હતી.

અભયમની ટીમે સગીરા પાસે રહેલા તેની બહેનના આધાર કાર્ડમાં દર્શાવેલા સરનામાના આધારે તપાસ કરીને તેના પરિવારનો સંપર્ક કર્યો હતો. જરૂરી ચકાસણી બાદ સગીરાને તેના વાલીને સલામત રીતે સોંપવામાં આવી હતી.આ પ્રસંગે ૧૮૧ની ટીમ દ્વારા પરિવારજનોનું કાઉન્સેલિંગ કરી 'બાળ અને કિશોર મજૂરી અધિનિયમ' તથા 'કિશોર ન્યાય અધિનિયમ' અંગે વિગતવાર માર્ગદર્શન અપાયું હતું. ૧૮ વર્ષથી ઓછી વયના બાળકો પાસે જોખમી મજૂરી કરાવવી એ કાયદાકીય ગુનો હોવાનું જણાવી સગીરાના શિક્ષણ અને સુરક્ષાને પ્રાથમિકતા આપવા પરિવારજનોને સમજણ આપી હતી.

### દક્ષિણ ગુજરાતની વર્ષો જૂની માંગ સંતોષાઈ

## કર્ણાવતી એક્સપ્રેસને નવસારી ખાતે સ્ટોપેજ, બોરીવલી-વલસાડ મેમૂ સુરત સુધી લંબાશે

**નવસારીના સાંસદ અને કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી.આર. પાટીલની મહેનત રંગ લાવી**

• જે બી ટાંક પત્રકાર સુરત

નવસારી જિલ્લાના રેલવે મુસાફરો માટે મોટા આનંદના સમાચાર આવ્યા છે. સ્થાનિક નાગરિકો, વિવિધ સંસ્થાઓ અને જનપ્રતિનિધિઓની વર્ષો જૂની માંગને ધ્યાને રાખીને 12933/12934 કર્ણાવતી એક્સપ્રેસને નવસારી સ્ટેશન પર સ્ટોપેજ આપવાની સ્વીકૃતિ રેલવે બોર્ડ દ્વારા આપી દેવામાં આવી છે. આ સાથે વલસાડ-બોરીવલી મેમૂ (69139) ટ્રેનને સુરત સુધી લંબાવવાનો મહત્વપૂર્ણ નિર્ણય લેવાયો છે, જેનો લાભ હજારો દૈનિક મુસાફરોને મળશે. નવસારીના સાંસદ અને કેન્દ્રીય જળશક્તિ મંત્રી શ્રી સી.આર. પાટીલ સાહેબ તથા ભાજપ જિલ્લા પ્રમુખ શ્રી ભુરાભાઈ શાહની આગેવાનીમાં પ્રતિનિધિમંડળે તાજેતરમાં કેન્દ્રીય રેલવે મંત્રી શ્રી અશ્વિની વૈષ્ણવ સાથે મુલાકાત



કરી વિગતવાર રજૂઆત કરી હતી. કેન્દ્રીય જળશક્તિ મંત્રી શ્રી સી.આર. પાટીલ સાહેબના સઘન અને સતત પ્રયાસોના પરિણામે રેલવે મંત્રાલયે આ માંગણીઓ ગ્રાહ્ય રાખી છે. આ ઉપરાંત, વંદે ભારત એક્સપ્રેસ, સૌરાષ્ટ્ર મેલ, સહિત અન્ય ટ્રેનોના સ્ટોપેજ અંગે પણ સકારાત્મક નિર્ણય ટૂંક સમયમાં આવવાની શક્યતા છે. આ નિર્ણય બદલ ભાજપ જિલ્લા પ્રમુખ શ્રી ભુરાભાઈ શાહે નવસારી જિલ્લા વતી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી, રેલવે મંત્રી શ્રી અશ્વિની વૈષ્ણવ અને કેન્દ્રીય જળ શક્તિ મંત્રી શ્રી સી.આર. પાટીલ સાહેબનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો છે.

### વિશ્વભરમાં તાપી નદી એકમાત્ર એવી નદી છે જેનો પ્રાગટ્ય દિવસ ભાવપૂર્વક વિશેષરૂપે અને હર્ષોલ્લાસ સાથે સુરતી લોકો ઉજવે છે

# ઐતિહાસિક, પૌરાણિક - ભૌગોલિક વિશેષતાઓથી સમૃદ્ધ અને અરબી સમુદ્રને મળતી પવિત્ર 'લોકમાતા સૂર્યપુત્રી તાપીમૈયા'

### જગતમાં દક્ષિણ થાઈલેન્ડની સૌથી મોટી નદીનું નામ પણ તાપી છે

• જે બી ટાંક પત્રકાર સુરત

દર વર્ષે હિન્દુ કેલેન્ડર મુજબ અષાઢ સુદ સાતમ ના રોજ તાપી અવતરણ દિવસ (તાપી જયંતિ) તરીકે પરંપરાગત રીતે સુરતીઓ ભાવપૂર્વક હર્ષોલ્લાસ સાથે ઉજવે છે. પૌરાણિક માન્યતા અનુસાર સૂર્યદેવની આંખમાંથી આંસુનું ટીપું પડવાથી સૂર્યપુત્રી મા તાપીનો જન્મ થયો હતો. વિશ્વભરમાં તાપી નદી એકમાત્ર એવી નદી છે જેનો પ્રાગટ્ય દિવસને યાદ કરીને વિશેષરૂપે સુરત અને તેની આસપાસના કાંઠા વિસ્તારોમાં ખૂબ જ હર્ષોલ્લાસ સાથે ઉજવાય છે.

મા તાપી એટલી પવિત્ર છે કે શાસ્ત્રોમાં કહેવાયું છે: 'ગંગામાં સ્નાન કરવાથી, યમુનાના આચમનથી, નર્મદાના દર્શનથી અને સૂર્યપુત્રી તાપી નદીના માત્ર સ્મરણથી જ પુણ્યની પ્રાપ્તિ થાય છે. પુરાણ કથાઓ અનુસાર 'તાપી' શબ્દ સૂર્યપુત્રી 'તાપ્તિ' પરથી ઉતરી આવ્યો છે અને તાપી પુરાણમાં તેનો મહિમા તથા તેની કિનારે આવેલાપૌરાણિક મંદિરોની ગાથાઓ લખાઈ છે.

ઈ.સ. ૧૬૦૪ માં સૌપ્રથમ વખત ગોકર્ણે 'તાપી પુરાણ' સંસ્કૃત ભાષામાં લખ્યું હતું અને તેના પરથી વર્ષ ૧૯૩૨માં ચીમનલાલ પંડ્યાએ 'તાપી મહાત્ય' રચ્યું હતું. ભૂતકાળમાં તાપીના મુખમાં વહાણો પ્રવેશ કરી શકતા હોવાથી સુરત એક ઐતિહાસિક પ્રખ્યાત વ્યાપાર વાણીજ્ય ક્ષેત્રે બંદર બન્યું હતું.

મુઘલકાળ દરમિયાન સુરતના ડક્કા ઓવારાથી (જે પહેલા મક્કા ઓવારા તરીકે ઓળખાતું) હજ પઢવા માટે જતા યાત્રીઓના જહાજો તાપી માર્ગે સમુદ્રમાં



પ્રવેશતા હતા. દક્ષિણ થાઈલેન્ડની સૌથી મોટી નદીનું નામ પણ તાપી છે અને વર્ષ ૧૯૧૫માં થાઈલેન્ડના બૌદ્ધ પ્રવાસી ભારતમાં સૂર્યપુત્રી તાપી વિશેની માહિતીથી પ્રભાવિત થઈ નદીનું પાણી પોતાની સાથે થાઈલેન્ડ લઈ જઈ ત્યાંની નદીમાં અર્પણ કર્યું હતું, ત્યારથી ત્યાં તે નદીનું નામ તાપી રાખવામાં આવ્યું તેમજ કિનારે વસેલા શહેરનું નામ 'સુરતથાની' રાખવામાં આવ્યું છે.

તાપી નદીનું ઉદ્ગમસ્થાન મધ્યપ્રદેશના બેતુલ જિલ્લાનાં મહાદેવની ટેકરીઓમાં આવેલા બેતુલ સરોવરમાંથી (સાતપુડા પર્વતમાળામાંથી) છે. તાપી નદીની કુલ લંબાઈ ૭૫૨ કિ.મી. અને ગુજરાતમાં તેની લંબાઈ ૨૨૪ કિ.મી. છે. તે ખાનદેશ (મહારાષ્ટ્ર) માંથી વહી તાપી જિલ્લાના નિઝર તાલુકાના વ્યાલ ગામ પાસે હરણફાળ નામના સ્થળેથી ગુજરાતમાં પ્રવેશ કરે છે. તાપી નદી પર મહારાષ્ટ્રના ભુસાવળ નજીક હથનૂર ડેમ તેમજ પ્રકાશા બેરેજ બાંધવામાં આવ્યો છે અને ગુજરાતમાં ઉકાઈ બંધ તથા કાંકરાપાર બંધ આવેલા છે. વર્ષ ૧૯૭૨માં પૂર્ણ થયેલી ઉકાઈ બહુહેતુક યોજનાથી રચાતા સરોવરને વલ્લભસાગર સરોવર કહે છે અને માંડવી તાલુકાના કાંકરાપાર ખાતે વર્ષ ૧૯૫૪માં કાંકરાપાર સિંચાઈ યોજના પૂર્ણ થઈ હતી. તાપી નદી મુખત્રિકોણ (ડેલ્ટા) બનાવતી નથી પરંતુ એશ્ચ્યુરીનું નિર્માણ કરે છે અને તેનું મુખ ખંભાતના અખાતને અરબ સાગરથી અલગ કરે છે.

.લોકમાતા તાપી નદી: દક્ષિણ ગુજરાતની જીવાદોરી સમાન છે અને ભક્તિભાવનો ધબકાર છે તાપી નદી દક્ષિણ ગુજરાતની સૌથી લાંબી અને બારમાસી નદી છે. ગુજરાતમાં તાપી નદીની લંબાઈ નર્મદા નદી કરતા વધારે છે, પરંતુ પાણીના જથ્થાને આધારે તે નર્મદા પછી બીજા નંબરે આવતી મોટી નદી છે. તાપી નદી મધ્યપ્રદેશમાં ૧૫%, મહારાષ્ટ્રમાં ૭૯% અને ગુજરાતમાં ૬% જેટલો ડ્રેનેજ વિસ્તાર ધરાવે છે. તાપી નદીના મુખ પાસે ડુમસ નજીક કિડિયાબેટ આવેલો છે જ્યાં લાકડા ગણેશનું પ્રસિદ્ધ મંદિર આવેલું છે.

આ નદીની સહાયક નદીઓમાં આમલી, ભારુદ, દેવ-ચાંદની, વાઘુર, ગીરવા, બોરી, અનેર, પૂર્ણા, પાંજરા, અમરાવતી, વાંકી, ગોમાઈ, બુરાઈ, શિવા, વરેલી અને નેસુનો સમાવેશ થાય છે. તેમજ તેના કિનારે સુરત, કામરેજ, નિઝર, ઉચ્છલ, સોનગઢ, માંડવી જેવા શહેરો-નગરો વસેલા છે, અને સુરતથી ૨૪ કિ.મી. દૂર પૂર્વમાં તાપી કિનારે બોધાન નામનું ધાર્મિક સ્થળ આવેલું છે જ્યાં દર બાર વર્ષે મેળો ભરાય છે. આમ, સૂર્યપુત્રી તાપીનો પ્રાગટ્ય દિવસ સુરતીઓ અને ભાવિકો-સાધુસંતો હર્ષોલ્લાસ સાથે અલગ અલગ કિનારાઓ પર તાપી મૈયાની પૂજા અને ચુંદડી અર્પણ કરીને કરે છે આસ્થા અને શ્રદ્ધાના પ્રતિક સમી આ પોતીકી લોકમાતા સૌના સુરતીઓના માનસપટલ પરઅજર અમર છે દર વર્ષે આ દિવસે જહાંગીરપુરાના કુરુક્ષેત્ર ખાતે સવારના સમયે તેમજ ડક્કા ઓવારા પર સાંજના સમયે ભક્તો ૧૧૦૦ મીટર લાંબી ચુંદડી જળમાં અર્પણ તાપીમૈયાનું સ્મરણ કરે છે. આ નદી માત્ર નદી નથી પરંતુ દક્ષીણ ગુજરાતની ધરતીનો ધબકાર છે.

### ડુંગરવાટ ગામ ખાતે સુખી ચોકડી ખાતે શ્રદ્ધાંજલિ સભા યોજાઈ

# છોટાઉદેપુર જિલ્લાના કદવાલ વિસ્તાર ના સ્વ. મોહનસિંહ રાઠવાને ભાવભીની શ્રદ્ધાંજલિ

• કદવાલ,

પૂર્વ વનમંત્રી અને ગુજરાતના વરિષ્ઠ જનનેતા તેમજ 'સુખીના સર્જનહાર' સ્વર્ગસ્થ શ્રી મોહનસિંહ છોટુભાઈ રાઠવા સાહેબની પવિત્ર સ્મૃતિમાં તા. 14 જુલાઈ, 2026ના રોજ ડુંગરવાટ ગામ ખાતે સુખી ચોકડી ખાતે ભાવભીની શ્રદ્ધાંજલિ સભાનું આયોજન કરવામાં આવ્યું હતું.



શ્રદ્ધાંજલિ સભામાં ગામના વડીલો, યુવાનો, માતા-બહેનો તેમજ આજુબાજુના ગામોના આગેવાનો અને ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. ઉપક્ષિત ડુંગરવાડ તથ આસપાસની શાળાઓના હાઈસ્કૂલના વિદ્યાર્થીઔએ પણ ખૂબ મોટી સંખ્યામાં હાજરી આપી સ્વ. મોહનસિંહ રાઠવા સાહેબને ભાવપૂર્વક પુષ્પાંજલિ અર્પણ કરી હતી. કાર્યક્રમની શરૂઆત પ્રાર્થના સાથે કરવામાં આવી હતી ત્યારબાદ શ્રી કંચનભાઈ રાયસિંહભાઈ બારિયા, શ્રી મોહનભાઈ ધનાભાઈ રાઠવા, શ્રી નટભાઈ સોમાભાઈ, શ્રી પ્રવીણભાઈ રાઠવા (ગુહપતિ) તથા સંતશ્રી નરસિંહદાસ મહારાજ દ્વારા પ્રેરણાત્મક પ્રવચનો આપવામાં આવ્યા હતા. તમામ વકતાઓએ સ્વ. મોહનસિંહ રાઠવા સાહેબના લોકહિતના કાર્યો, સમાજ વિકાસ માટેના તેમના અમૂલ્ય યોગદાન અને સેવાભાવી વ્યક્તિત્વને યાદ કરીને ભાવસભર શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી. કાર્યક્રમનું સુંદર અને સુવ્યવસ્થિત સંચાલન શ્રી પંકજભાઈ બારિયા દ્વારા કરવામાં આવ્યું હતું સમગ્ર કાર્યક્રમ ગૌરવપૂર્ણ, શિસ્તબદ્ધ અને ભાવુક વાતાવરણમાં સફળતાપૂર્વક સંપન્ન થયો હતો. અંતમાં સૌએ બે મિનિટનું મૌન પાળી સ્વ મોહનસિંહ રાઠવા સાહેબની દિવંગત આત્માની શાંતિ માટે પ્રાર્થના કરી હતી તથા પરમ કુપાળુ ભગવાન તેમના શ્રીચરણોમાં સ્થાન આપે અને પરિવારજનોને આ અસહ્ય દુ:ખ સહન કરવાની શક્તિ પ્રદાન કરે તેવી પ્રાર્થના કરવામાં આવી. આદિવાસી સમાજે પોતાનું એક અમૂલ્ય રત્ન ગુમાવ્યું છે. આ ખોટ ક્યારેય પૂરી થઈ શકે તેમ નથી તેમ શેખર રાઠવા એ જણાવ્યું હતું.

### ભાવિ એન્જિનિયરોન શૈક્ષણિક જીવનનો પ્રેરણાદાયી પ્રારંભ

# ગણપત યુનિવર્સિટીમાં 'પ્રારંભ-2026' દ્વારા નવા બી.ટેક. વિદ્યાર્થીઓનું ભવ્ય સ્વાગત

### જ્ઞાન, મૂલ્યો, નવીનતા અને ઉદ્યોગલક્ષી શિક્ષણ સાથે ઉજ્જવળ કારકિર્દી માટે માર્ગદર્શન

• ગાંધીનગર

ગણપત યુનિવર્સિટીની અગ્રણી અને પાયાની સંસ્થા યુ. વી. પટેલ કોલેજ ઓફ એન્જિનિયરિંગ દ્વારા તા. 18 જુલાઈ, 2026ના રોજ નવા પ્રવેશિત બી.ટેક. વિદ્યાર્થીઓ માટેઓરિએન્ટેશન કાર્યક્રમ 'પ્રારંભ - 2026'નું આયોજન કરવામાં આવ્યું હતું. ઉત્સાહ અને આનંદમય વાતાવરણ વચ્ચે નવા વિદ્યાર્થીઓનું ગણપત યુનિવર્સિટી પરિવારમાં હાર્દિક સ્વાગત કરવામાં આવ્યું હતું. આ સાથે તેમનાશૈક્ષણિક જીવનના નવા અધ્યાયનો શુભ પ્રારંભ થયોહતો.

ઉદ્ઘાટન સત્રની શરૂઆત પ્રાર્થના અને દીપપ્રાગટ્યથી થઈ હતી. ત્યારબાદ મહાનુભાવોનું સ્વાગત અને સન્માન કરવામાં આવ્યું.આ પ્રસંગેગણપત યુનિવર્સિટીનીના ગ્રુપ પ્રો-ચાન્સેલર અને જોઈન્ટ પ્રેસિડેન્ટ ડૉ. મહેન્દ્ર શર્મા,ફેકલ્ટી ઓફ એન્જિનિયરિંગ એન્ડ ટેક્નોલોજીનાએક્ઝિક્યુટિવ ડીનતથા ડેપ્યુટી પ્રો-વાઈસ ચાન્સેલર ડૉ. કિરણ અમીન,વિશટ્રી ટેક્નોલોજીસના સ્થાપક અને સીઈઓ શ્રી દિલીપ બાગરેચા, ટેક્નિકલ સોલ્યુશન્સ,ગ્લોબલ એકાઉન્ટ્સના સિનિયર મેનેજર શ્રી હાર્દિક સિકનિસ, ટેકનીપ એનર્જીસના પાઈપિંગ અને સીએડીના એચઓડી શ્રી નિશિથ પાઠક, જાજલ મેડિકલ સર્વિસિસના સ્થાપક અને સીઈઓ શ્રી કેતન જાજલ, અવિવા-ઈન્ડિયાના એકેડેમિક સક્સેસ મેનેજર સુશ્રી વિશ્વાની, તેમજ કોલેજના પૂર્વ વિદ્યાર્થીતથા રાસ ટેક્નોલોજીસના સીઈઓ તથા શિવાંશ પરમાનંદ અને શ્રીનીથી ડેવેલપર્સના ડિરેક્ટર શ્રી પૃથક પટેલ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમમાં વિવિધ વિભાગોના વડાઓ, અધ્યાપકો, સ્ટાફના સભ્યો, નવા પ્રવેશિત વિદ્યાર્થીઓ તથા તેમના વાલીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

સ્વાગત ઉદ્બોધન કરતાંડૉ. કિરણ અમીનેનવા વિદ્યાર્થીઓ અને તેમના વાલીઓનું ગણપત યુનિવર્સિટી પરિવારમાં હાર્દિક સ્વાગત કર્યું હતું. તેમણે યુનિવર્સિટીની શૈક્ષણિક શ્રેષ્ઠતા, ઈનોવેશન, અનુભવ આધારિત શિક્ષણ તથા સર્વાંગી વિકાસ પ્રત્યેની પ્રતિબદ્ધતા વિશે વિસ્તૃત માહિતી આપી હતી. તેમણે વિદ્યાર્થીઓને મજબૂત પાયાનું જ્ઞાન વિકસાવવા, યુનિવર્સિટીના વિશ્વસ્તરીય ઈન્ફ્રાસ્ટ્રક્ચર, સેન્ટર્સ ઑફ એક્સેલન્સ, સંશોધન ઈકોસિસ્ટમ અને ઉદ્યોગ સહયોગનો મહત્તમ લાભ લેવા તથા નેતૃત્વ, સર્જનાત્મકતા, નૈતિક મૂલ્યો અને જીવનભર શીખવાની ભાવના કેળવવા પ્રેરણા આપી હતી.

પોતાના પ્રાસંગિક સંબોધનમાં ડૉ. મહેન્દ્ર શર્માએગણપત યુનિવર્સિટીના માનનીય પ્રમુખ અને દાતા-અધિષ્ઠાતા પદ્મશ્રી ડૉ. ગણપત આઈ. પટેલ (દાદા)ના દૂરંદેશીનેતૃત્વ અને ગુણવત્તાયુક્ત શિક્ષણ ક્ષેત્રેતેમના અમૂલ્ય યોગદાનને બિરદાવ્યું હતું. તેમણે જણાવ્યું કે દાદાના મૂલ્યો, દૂરંદેશી દ્રષ્ટિકોણ અને શિક્ષણ પ્રત્યેની પ્રતિબદ્ધતાના પરિણામેગણપત યુનિવર્સિટી આજે રાષ્ટ્રનિર્માણ અને સર્વાંગી વિકાસ માટે સમર્પિત બહુવિધ વિષયક યુનિવર્સિટી



તરીકે વિકસિત થઈ છે.તેમણે વિદ્યાર્થીઓને યોગ્ય માનસિકતા વિકસાવવાની પ્રેરણા આપતાં જણાવ્યું કે શિક્ષણનો હેતુ માત્ર ડિગ્રી પ્રાપ્ત કરવાનો નહીં પરંતુ વાસ્તવિક જીવનની સમસ્યાઓના ઉકેલ શોધવાનો અને નવસર્જનનો હોવો જોઈએ. સફળતા માટે તેમણે વિદ્યાર્થીઓને ત્રણ મહત્વપૂર્ણ જીવનમંત્ર આપ્યા:પરીક્ષા પાસ કરવા માટે નહીં, પરંતુ સમસ્યાઓના ઉકેલ માટે અભ્યાસ કરો, માત્ર ડિગ્રી મેળવવા માટે નહીં, પરંતુ કૌશલ્ય અને ઉત્તમ ચારિત્ર્યના નિર્માણ માટે પ્રયત્ન કરો., અને શીખવાની પ્રક્રિયા ક્યારેય પૂર્ણ થતી નથી.સતત નવું શીખવાની ધગસ જ વ્યક્તિગત અને વ્યાવસાયિક વિકાસનો સાચો આધાર છે.કાર્યક્રમના મુખ્ય અતિથિ શ્રી દિલીપ બાગરેચાએ પોતાના સંબોધનમાં વિદ્યાર્થીઓને અનુભવ આધારિત શિક્ષણને વ્યાવસાયિક સફળતાનો પાયો બનાવવાની પ્રેરણા આપી હતી. તેમણે વિદ્યાર્થીઓને સતત પોતાની કોમ્યુનિકેશન સ્કિલ, સહયોગની ભાવના અને ટીમવર્કને મજબૂત બનાવવાની સલાહ આપી, જેથી તેઓ બહુવિધ વિષયક કાર્યપરિસ્થિતિમાં અસરકારક રીતે કાર્ય કરી શકે. તેમણે ભારપૂર્વક જણાવ્યું કે ભવિષ્યના સફળ એન્જિનિયર બનવા માટે માત્ર ટેક્નિકલ જ્ઞાન પૂરતું નથી, પરંતુ સર્જનાત્મકતા, અસરકારક કોમ્યુનિકેશન અને સમસ્યા નિરાકરણની ક્ષમતાનો સમન્વય પણ એટલો જ આવશ્યક છે.

વિદ્યાર્થીઓને સંબોધતા શ્રી હાર્દિક સિકેનિસે પોતાના પ્રેરણાદાયી અનુભવો રજૂ કરતાં વિદ્યાર્થીઓને પડકારોને વિકાસની તક તરીકે સ્વીકારવા તથા બહુપરીમાણીય દ્રષ્ટિકોણ અપનાવી નવી તકો સર્જવાની પ્રેરણા આપી હતી.શ્રી નિશિથ પાઠકે ઈજનેરીના મજબૂત પાયાના જ્ઞાન અને પ્રાયોગિક અભ્યાસના મહત્વ પર ભાર મૂક્યો હતો. તેમણે વિદ્યાર્થીઓને જિજ્ઞાસુ, શિસ્તબદ્ધ રહી જ્ઞાનનો અસરકારક ઉપયોગ કરવાની તથા નિષ્ફળતાઓમાંથી શીખીને સતત આગળ વધવાની પ્રેરણા આપી હતી. શ્રી કેતન જાજલે પોતાના પ્રેરણાદાયી જીવનપ્રવાસ અને ઈનોવેશન દ્વારા રાષ્ટ્રના વિકાસમાં યોગદાન આપવાના પોતાના દ્રષ્ટિકોણની રજૂઆત કરી હતી. તેમણે વિદ્યાર્થીઓને માત્ર પૈસા પાછળ નહીં, પરંતુ પોતાની ધગશને અનુસરવા, ઉદ્યોગસાહસિક દ્રષ્ટિકોણ અપનાવવા અને પડકારોના ઉકેલનો ભાગ બની સમાજ માટે અર્થપૂર્ણ યોગદાન આપવા પ્રેરણા આપી હતી.

કાર્યક્રમમાં ઉપસ્થિત પૂર્વ વિદ્યાર્થી શ્રી પૃથક પટેલે યુ.વી.પટેલ કોલેજ ઓફ એન્જિનિયરિંગના વિદ્યાર્થીથી સફળ ઉદ્યોગસાહસિક બનવા સુધીની પોતાની પ્રેરણાદાયી સફર વર્ણવી હતી. તેમણે વિદ્યાર્થીઓને દરેક પરિસ્થિતિમાં પોતાને અનુકૂળ બનાવવાની ક્ષમતા વિકસાવવા તથા સફળતા માટે સ્થિતિસ્થાપકતા અને અનુકૂલનશીલતાનું મહત્વ સમજાવ્યું હતું. તેમણે સમર્પણ, સતત મહેનત અને દ્રઢ સંકલ્પ દ્વારા જીવનમાં ઈચ્છિત સફળતા પ્રાપ્ત કરવાની પ્રેરણા આપી હતી.

દાતા પરિવાર તરફથી શ્રીમતી જ્યોતિ વખારિયાએ વિડિયો સંદેશ દ્વારા વિદ્યાર્થીઓને શુભેચ્છાઓ પાઠવી હતી. તેમણે વિદ્યાર્થીઓને યુ. વી. પટેલ કોલેજ ઓફ એન્જિનિયરિંગની ગૌરવશાળી પરંપરા અને મૂલ્યોને સમર્પણ, શિસ્ત તથા અથાગ પરિશ્રમ દ્વારા જાળવી રાખવાની પ્રેરણા આપી હતી. તેમણે વિદ્યાર્થીઓને દરેક તકનો શ્રેષ્ઠ ઉપયોગ કરીને પોતાના વ્યક્તિત્વનો સર્વાંગી વિકાસ કરવા તથા સતત શ્રેષ્ઠતા પ્રાપ્ત કરવા માટે પ્રયત્નશીલ રહેવાનો સંદેશ આપ્યો હતો.

સુશ્રી વિશ્વાનીજીએ વિદ્યાર્થીઓને સ્વતંત્ર દ્રષ્ટિકોણ વિકસાવવા, સ્વતંત્ર વિચારશક્તિ કેળવવા અને સકારાત્મક માનસિકતા અપનાવવા પ્રેરિત કર્યા હતા. તેમણે વિદ્યાર્થીઓને પોતાના કમ્ફર્ટ ઝોનમાંથી બહાર આવી નવી તકોનું સર્જન કરવા તથા આત્મવિશ્વાસ અને દ્રઢ નિશ્ચય સાથે પોતાના ભવિષ્યનું નિર્માણ કરવાની પ્રેરણા આપી હતી.કાર્યક્રમને વધુ પ્રેરણાદાયી બનાવતા ગણપત યુનિવર્સિટીના પ્રમુખ અને દાતા-અધિષ્ઠાતા પદ્મશ્રી ડૉ. ગણપત આઈ. પટેલ (દાદા) એ વિડિયો સંદેશ દ્વારા આશીર્વચન આપ્યા હતા. નવા પ્રવેશિત વિદ્યાર્થીઓનું સ્વાગત કરતાં તેમણે યુનિવર્સિટી દ્વારા ઉપલબ્ધ તકોનો શ્રેષ્ઠ ઉપયોગ કરીને મજબૂત ચારિત્ર્ય, પ્રામાણિકતા અને કરુણાભાવ ધરાવતા જવાબદાર વ્યાવસાયિકો બનવાની પ્રેરણા આપી હતી. તેમણે વ્યવહારુ જ્ઞાન, અસરકારક સંચાર કૌશલ્ય અને નૈતિક મૂલ્યો સાથે જોડાયેલા રહેવાના મહત્વ પર ભાર મૂક્યો હતો. તેમણે વિદ્યાર્થીઓને વ્યક્તિગત સફળતાથી આગળ વધીને સમાજ અને રાષ્ટ્રના કલ્યાણમાં યોગદાન આપનાર વ્યક્તિ બનવાનો સંદેશ આપ્યો હતો.

### લાભાર્થી રાઠોડ ભરતસિંહના ઘરે ગોબરગેસ પ્લાન્ટ અને રસોડા સુધી જઈ સમગ્ર પ્રક્રિયાનું સ્વનિરીક્ષણ

# મંત્રી શ્રી કુંવરજીભાઈ બાવળિયાની અધ્યક્ષતામાં ગામડાંઓમાં સ્વચ્છ ઊર્જા અને સમૃદ્ધિનો નવો સૂર્યોદય

### 'ગોબરધન' યોજના દ્વારા ગ્રામીણ ગુજરાતમાં 'વેસ્ટ ટૂ વેલ્થ'નો સફળ અભિગમ

• ગાંધીનગર

ગુજરાતના ગ્રામીણ વિસ્તારોમાં સ્વચ્છતા, ઊર્જા સુરક્ષા અને ટકાઉ વિકાસને નવી દિશા આપવા માટે રાજ્ય સરકાર દ્વારા 'ગોબરધન' યોજનાનું અસરકારક અમલીકરણ કરવામાં આવી રહ્યું છે. આ યોજના અંતર્ગત ગાંધીનગર જિલ્લાના માણસા તાલુકાના મહુડી ગામ ખાતે ગ્રામ વિકાસ કેબિનેટ મંત્રી શ્રી કુંવરજીભાઈ બાવળિયાએ ગોબરધન પ્રોજેક્ટના લાભાર્થીઓની વિશેષ મુલાકાત લીધી હતી. આ મુલાકાત દરમિયાન જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી- DRDAના ડાયરેક્ટર શ્રી નીલોફર શેખ અને સ્વચ્છ ભારત મિશનના ડેપ્યુટી કમિશનર શ્રી નયના પાટડીયા ઉપસ્થિત રહ્યા હતા. મહુડી ગામના ગોબરધન યોજનાના લાભાર્થી શ્રી રાઠોડ ભરતસિંહ સાથે મંત્રીશ્રીએ ગોબરગેસનો ઉપયોગ શરૂ કર્યા પહેલાં અને પછીની પરિસ્થિતિ અંગે રૂબરૂ ચર્ચા કરી હતી. મંત્રીશ્રીએ સ્થળ પર જઈ ગોબરગેસ પ્લાન્ટની સાથે સાથે લાભાર્થીના રસોડા સુધી પહોંચી આ સમગ્ર પ્રક્રિયાનું સ્વનિરીક્ષણ કર્યું હતું અને પ્લાન્ટની ઉપયોગિતા અંગે મેળવેલા સંતોષકારક પ્રતિસાદ બદલ ખુશી વ્યક્ત કરી હતી. મહુડી ખાતે ગોબરધન પ્રોજેક્ટના લાભાર્થીઓ સાથે સંવાદ સાધતા મંત્રી શ્રી કુંવરજીભાઈ બાવળિયાએ જણાવ્યું હતું કે, સ્વચ્છ ભારત મિશન (ગ્રામીણ) અને ગ્રામ વિકાસ વિભાગના સંકલનથી અમલી બનેલી ગોબરધન યોજના ગ્રામીણ પરિવારો માટે આશીર્વાદરૂપ સાબિત થઈ રહી છે. મહુડી ગામમાં પ્રાયોગિક ધોરણે ૧૫ જેટલા લાભાર્થીઓને આ યોજનાનો લાભ આપી સફળ શરૂઆત કરવામાં આવી છે. ભવિષ્યમાં એલપીજી ગેસ સિલિન્ડર કરતાં પણ વધુ સરળ અને સહજ રીતે ગ્રામજનોને રાંધણ ગેસ મળી રહે તે આ મુલાકાતનો મુખ્ય હેતુ છે. મંત્રીશ્રીએ વધુમાં ઉમેર્યું હતું કે, પશુપાલન વિભાગ, દૂધ ડેરીઓ, કૃષિ ક્ષેત્ર અને સહકારી મંડળીઓના સુદ્રઢ સંકલનથી વધુમાં વધુ ગ્રામીણ પરિવારોને ગોબરધન યોજના હેઠળ આવરી લેવાની કામગીરી પૂરઝડપે





ચાલી રહી છે. જેમાં જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી દ્વારા લાભાર્થી દીઠ રૂ. ૨૫,૦૦૦ સુધીની નાણાકીય સહાય પૂરી પાડીને આધુનિક બાયોગેસ પ્લાન્ટ સ્થાપવામાં મદદ કરવામાં આવે છે. ગોબરધન યોજના: 'વેસ્ટ ટૂ વેલ્થ' દ્વારા આત્મનિર્ભરતા કેન્દ્ર સરકારના જલ શક્તિ મંત્રાલય દ્વારા વર્ષ ૨૦૧૮માં સ્વચ્છ ભારત મિશન (ગ્રામીણ) ફેઝ-૨ અંતર્ગત શરૂ કરાયેલી આ યોજનાનો મુખ્ય હેતુ પશુ છાણ અને જૈવિક કચરાનું વૈજ્ઞાનિક સંચાલન કરી જૈવિક ખાતર અને સ્વચ્છ બાયોગેસ ઉત્પન્ન કરવાનો છે. ગુજરાતમાં વર્ષ ૨૦૨૨-૨૩થી કમિશનરશ્રી ગ્રામ વિકાસની કચેરી દ્વારા આ યોજનાનું સંચાલન કરવામાં આવે છે. રાજ્યમાં NDDB, GCMMF અને વિવિધ જિલ્લા દૂધ ઉત્પાદક સહકારી સંઘોના સહયોગથી ક્લસ્ટર આધારિત ડેરી મોડલ દ્વારા વ્યક્તિગત બાયોગેસ પ્લાન્ટ સ્થાપવામાં આવી રહ્યા છે. મજબૂત બજેટ જોગવાઈ અને રાજ્યની ગૌરવપૂર્ણ સિદ્ધિઓ નાણાકીય જોગવાઈની વાત કરવામાં આવે તો રાજ્ય સરકાર દ્વારા વર્ષ ૨૦૨૪-૨૫ દરમિયાન ૫૦ ક્લસ્ટર હેઠળ ૧૦,૦૦૦ વ્યક્તિગત બાયોગેસ પ્લાન્ટ માટે રૂ. ૨૫.૫૦ કરોડની ૧૦૦% રાજ્ય ફાળાની મંજૂરી આપવામાં આવી છે. આગામી વર્ષ ૨૦૨૫-૨૬ અને ૨૦૨૬-૨૭ માટે પણ વાર્ષિક રૂ. ૨૫.૫૦ કરોડની બજેટ જોગવાઈ ચાલુ બાબત તરીકે કરવામાં આવી છે. આ ઉપરાંત લાભાર્થી ફાળો અને મનરેગા યોજનાના સંકલનથી અત્યંત ઓછા ખર્ચે ગ્રામ્ય પરિવારોને પ્લાન્ટનો લાભ મળે છે. સિદ્ધિઓ અને લક્ષ્યાંક અંગે જોઈએ તો ફેઝ-૧માં આશરે ૭,૬૦૦ બાયોગેસ પ્લાન્ટના લક્ષ્યાંક સામે ૭,૪૦૦થી વધુ પ્લાન્ટ સફળતાપૂર્વક સ્થાપીને ૯૭% સિદ્ધિ મેળવેલ છે.ફેઝ-૩ વર્ષ ૨૦૨૫-૨૭ સુધીના આગામી સમયમાં વધુ ૨૦ ક્લસ્ટરોમાં ૨૦,૦૦૦ નવા વ્યક્તિગત બાયોગેસ પ્લાન્ટ સ્થાપવાનું આયોજન પ્રગતિ હેઠળ છે. રાજ્યમાં અત્યાર સુધીમાં ૧૪,૩૦૮ લાભાર્થીઓને સીધો લાભ મળ્યો છે. રાજ્યભરમાં દરરોજ આશરે ૨૮,૬૧૬ ઘન મીટર ઘરગથ્થું સ્વચ્છ બાયોગેસનું ઉત્પાદન થઈ રહ્યું છે. ગોબરધન યોજનાથી ગ્રામીણ ક્ષેત્રે થતા બહુવિધ લાભો જોઈએ તો, પર્યાવરણ સંરક્ષણ અને સ્વચ્છતા અગ્રેસર છે. પશુ છાણ અને જૈવિક કચરાનું વૈજ્ઞાનિક વ્યવસ્થાપન થવાથી ગામડાઓમાં સ્વચ્છતા જળવાય છે અને કાર્બન ઉત્સર્જનમાં ઘટાડો થાય

Printed / Published / Owned by ILEVAN H. THAKAR on behalf of ILEVAN H. THAKAR and Printed at JAY GRAPHICS AND PRINTERS, C/15, Vikram Chambers, Income Tax, Ashram Raod, Ahmedabad - 380 009.
Published at I-503, Pramukh Aura, Nr. Pramukh Nagar Bunglows, Pramukh Nagar Road, Kh-0 Road, Sargasan Char Rasta, GANDHINAGAR.(GUJ) • Editor : ILEVAN H. THAKAR

• સંક્ષીપ્ત સમાચાર

## શેલા-ઘુમા બાદ ઝુંડાલમાં દીપડો આંટા મારતા દેખાયો



**અમદાવાદ :** અમદાવાદ શહેરમાં છેલ્લા બે દિવસથી દીપડાનો ભય વ્યાપ્યો છે. પહેલા શેલા-ઘુમામાં દેખાયા બાદ, હવે ઝુંડાલ-ચાંદખેડા વિસ્તારમાં પણ દીપડો જોવા મળ્યો હોવાના દાવા સાથેની તસવીરો વાયરલ થઈ છે. 19મી જુલાઈએ ઘુમાની સોસાયટીમાં દીપડો ઘૂસ્યો હતો. 26 કિલોમીટર દૂર દીપડો દેખાતા વનવિભાગ દોડધામમાં છે. શહેરમાં કેટલા દીપડા છે તે અંગે સ્પષ્ટતાની માંગ સ્થાનિકો કરી રહ્યા છે.અમદાવાદ શહેરમાં છેલ્લા બે દિવસથી દીપડાની હાજરીને પગલે નાગરિકોમાં ભારે ભય અને કૂતુહલનો માહોલ જોવા મળી રહ્યો છે. પહેલા શેલા વિસ્તારમાં દીપડો દેખાયા બાદ હવે ત્યાંથી આશરે 26 કિલોમીટર દૂર ઝુંડાલ-ચાંદખેડા વિસ્તારમાં પણ દીપડો જોવા મળ્યો હોવાનો દાવો કરવામાં આવી રહ્યો છે. ગઈકાલે (20મી જુલાઈ) રાત્રે ઝુંડાલથી ચાંદખેડા માધવ હોમ્સની સામે દીપડો દેખાયો હોવાના દાવા સાથેની તસવીરો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહી છે.19મી જુલાઈની મોડી રાત્રે અમદાવાદના પોશ વિસ્તાર એવા ઘુમામાં દીપડાએ દેખા દીધી હતી. શરણદીપ સોસાયટીના એક બંગલોની દીવાલ કૂદીને દીપડો અંદર ઘૂસ્યો હતો. ત્યારબાદ સોસાયટીના કૂતરા દીપડાની પાછળ દોડ્યા હતા. આ ઘટના બાદ ઘુમા, શેલા અને બોપલ પંથકના સ્થાનિકોમાં ભારે ડરનો માહોલ જોવા મળ્યો હતો.

## નારોલ પોલીસ ઊંઘતી રહી અને PCBએ લાખોનો દારૂ ઝડપી પાડ્યો



**અમદાવાદ :** અમદાવાદના નારોલ પોલીસ સ્ટેશન વિસ્તારમાં પોલીસની નિષ્ક્રિયતા અને નાઈટ પેટ્રોલિંગના પોકળ દાવાની પોલ ખોલતી ઘટના સામે આવી છે. નારોલ પોલીસ ઊંઘતી રહી અને પ્રિવેન્શન ઓફ ક્રાઈમ બ્રાન્ચ (PCB)ની ટીમે એસ.પી. રિંગ રોડ પરથી પસાર થતી એક ટ્રકમાંથી વિદેશી દારૂ અને બિયરનો જથ્થો ઝડપી પાડી મોટી કાર્યવાહી કરી છે.મળતી વિગતો અનુસાર, આજે વહેલી સવારે એસ.પી. રિંગ રોડ પર કમોડ ચાર રસ્તાથી આગળ આવેલી રામદેવ હોટલ અને આઈમાતા હોટલ વચ્ચેના રોડ પરથી પસાર થઈ રહેલા રાજસ્થાનના એક ટ્રકને પીસીબીની ટીમે બાતમીના આધારે આંતર્યો હતો. ટ્રકની તલાશી લેતાં તેમાંથી ભારતીય બનાવટના વિદેશી દારૂ અને બિયરનો મોટો જથ્થો મળી આવ્યો હતો.પોલીસ તપાસ દરમિયાન ટ્રકમાંથી દારૂની કુલ 141 પેટીઓ મળી આવી હતી.પકડાયેલા દારૂ અને બિયરની કિંમત 25,15,552 રૂપિયા થાય છે. આ ઉપરાંત પોલીસે 10,00,000 રૂપિયાની કિંમતનો ટ્રક પણ કબજે કર્યો છે, આમ કુલ 35,15,552 રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે. આ દરોડા દરમિયાન ટ્રકનો ચાલક અંધારાનો લાભ ઉઠાવીને ઘટનાસ્થળેથી ભાગી જવામાં સફળ રહ્યો હતો. આ મામલે પીસીબી દ્વારા નારોલ પોલીસ સ્ટેશનમાં પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુનો નોંધાવવામાં આવ્યો છે. પોલીસે વોન્ટેડ ડ્રાઈવર તેમજ રાજસ્થાનથી દારૂનો આટલો મોટો જથ્થો મોકલનાર અને અમદાવાદમાં મંગાવનાર બુટલેગરોની શોધખોળ હાથ ધરી છે.

## અમદાવાદમાં મેકડોનાલ્ડ્સ રેસ્ટોરન્ટ રાતોરાત સીલ



**અમદાવાદ :** અમદાવાદ શહેરમાં ઓનલાઈન ફૂડ ઓર્ડર કરતા ગ્રાહકો માટે આંખ ઉઘાડનારો કિસ્સો સામે આવ્યો છે. નરોડા વિસ્તારમાં હંસપુરા પાસે આવેલી મેકડોનાલ્ડ્સ (McDonald's) રેસ્ટોરન્ટ દ્વારા ઓનલાઈન વેજ બર્ગરનો ઓર્ડર આપનાર યુવકને નોનવેજ બર્ગર મોકલી આપવામાં આવ્યું હતું. આ ગંભીર બેદરકારી સામે યુવકે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના ફૂડ વિભાગમાં ફરિયાદ નોંધાવતા, અધિકારીઓએ તાત્કાલિક સ્થળ પર પહોંચી તપાસ હાથ ધરીને રાતોરાત મેકડોનાલ્ડ્સ રેસ્ટોરન્ટને સીલ કરી દીધું છે.20 જુલાઈની રાતે નરોડાના હંસપુરા પાસે આવેલી મેકડોનાલ્ડ્સ રેસ્ટોરન્ટમાંથી એક યુવકે ઓનલાઈન માધ્યમથી વેજ સ્પાઈસી પનીર બર્ગર, ચીઝ બર્ગર અને કોકાકોલાનો ઓર્ડર આપ્યો હતો. ઓર્ડર ડિલિવર થયા બાદ યુવકે જ્યારે પેકિંગ ખોલીને જોયું તો તેમાં વેજ બર્ગરના બદલે સ્પાઈસી ચિકન બર્ગર હતું. ઓનલાઈન ઓર્ડર વેજ બર્ગરનો કર્યો હોવા છતાં પણ નોનવેજ બર્ગર રેસ્ટોરન્ટ તરફથી મોકલવામાં આવતા યુવક તાત્કાલિક રેસ્ટોરન્ટ પર ગયો હતો અને તેણે રજૂઆત કરી હતી. ઓનલાઈન પૈસા ચૂકવી દીધા બાદ રેસ્ટોરન્ટ તરફથી નોનવેજ બર્ગર મોકલી આપવામાં આવતા યુવકે આ મામલે મ્યુનિસિપલ કોર્પોરેશનના ફૂડ વિભાગમાં ફરિયાદ કરતા ટીમ રેસ્ટોરન્ટમાં પહોંચી હતી. રેસ્ટોરન્ટમાં તપાસ કરીને મેકડોનાલ્ડ્સ રેસ્ટોરન્ટને સીલ કરવામાં આવી હતી.

### વડાપ્રધાન નરેન્દ્ર મોદીના 'નેટ ઝીરો' વિઝનની દિશામાં ગુજરાતે હાંસલ કરી સિદ્ધિ

# 1 વર્ષમાં કાર્બન ઉત્સર્જનમાં 49.79 મિલિયન ટનનો વિક્રમી ઘટાડો

**વર્ષ 2025-26માં રિન્યુએબલ એનર્જી સ્ત્રોતોમાંથી રેકોર્ડ 67,655 મિલિયન યુનિટ વીજળીનું ઉત્પાદન : છેલ્લા 5 વર્ષોમાં કુલ 179 મિલિયન ટન કાર્બન ઉત્સર્જનને વાતાવરણમાં ફેલાતું અટકાવવામાં સફળતા**

• ગાંધીનગર

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ભારતના વિકાસ માટે હંમેશાં 'ક્લીન એન્ડ ગ્રીન ઈન્ડિયા'ના વિઝન પર ભાર મૂક્યો છે. તેઓ સ્પષ્ટપણે માને છે કે આર્થિક પ્રગતિ અને પર્યાવરણ સંરક્ષણ બંને સમાંતરે ચાલવા જોઈએ, જેથી આગામી પેઢીઓને સુરક્ષિત અને ટકાઉ ભવિષ્ય મળી શકે. વડાપ્રધાનના આ જ વિઝનને વેગ આપતા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં ગુજરાતે પર્યાવરણ સંરક્ષણ અને ગ્રીન એનર્જી એટલે કે હરિત ઊર્જા ક્ષેત્રે નોંધપાત્ર સિદ્ધિ હાંસલ કરી છે. નાણાકીય વર્ષ 2025-26માં ગુજરાતે ફક્ત એક વર્ષની અંદર 49.79 મિલિયન ટન (mtCOe) કાર્બન ઉત્સર્જનને વાતાવરણમાં ફેલાતું અટકાવવામાં સફળતા હાંસલ કરીને એક નવો કીર્તિમાન સ્થાપિત કર્યો છે. રાજ્યના ઈતિહાસમાં કોઈપણ એક વર્ષમાં કાર્બન ઉત્સર્જનમાં નોંધવામાં આવેલો આ સૌથી મોટો ઘટાડો છે. આ ઐતિહાસિક સિદ્ધિનું મુખ્ય કારણ એ છે કે રાજ્યના ઊર્જા ક્ષેત્રમાં સૌર, પવન અને અન્ય નવીનીકરણીય ઊર્જા સ્ત્રોતોનું ઝડપી ગતિએ વિસ્તરણ થયું છે. તેના પરિણામે ગુજરાતે માત્ર એક જ વર્ષમાં 67,655 મિલિયન યુનિટ ગ્રીન વીજળીનું રેકોર્ડ ઉત્પાદન પણ નોંધાવ્યું છે.



## આબોહવા સંરક્ષણમાં ગુજરાતની મોટી સિદ્ધિ

રાજ્ય સરકારની ગ્રીન એનર્જી સંબંધિત પહેલો, પર્યાવરણને અનુકૂળ નીતિઓ અને રિન્યુએબલ એનર્જી ક્ષેત્રના ઝડપી વિસ્તરણના પરિણામે ગુજરાતને છેલ્લા 5 વર્ષોમાં કુલ 179 મિલિયન ટન કાર્બન ઉત્સર્જનને વાતાવરણમાં ફેલાતું રોકવામાં સફળતા મળી છે. આંકડાઓ પર નજર નાખીએ તો, રાજ્યમાં દર વર્ષે લગભગ 442 મિલિયન ટન ગ્રીનહાઉસ ગેસનું ઉત્સર્જન થાય છે. પરિણામે, છેલ્લા પાંચ વર્ષમાં કાર્બન ઉત્સર્જનમાં થયેલો ઘટાડો, જે કુલ વાર્ષિક ઉત્સર્જનના આશરે 40 ટકા જેટલો છે, તે એ વાતનો પુરાવો છે કે ગુજરાતે ટકાઉ અને હરિયાળા વિકાસનું મજબૂત મોડેલ રજૂ કર્યું છે, જે વિકાસ અને પર્યાવરણીય સંરક્ષણને અસરકારક રીતે સંતુલિત કરે છે.નિષ્ણાંતોના જણાવ્યા અનુસાર, ગ્રીન એનર્જીનો વ્યાપક ઉપયોગ કોલસા અને અન્ય અશ્મિભૂત ઇંધણનો વપરાશ ઘટાડે છે, જેનાથી કાર્બન ઉત્સર્જનમાં સીધો ઘટાડો થાય છે. આ જ કારણ છે કે, આજે વિશ્વભરમાં રિન્યુએબલ એનર્જીને ક્લાઇમેટ ચેન્જ માટેની લડાઇનું સૌથી અસરકારક માધ્યમ માનવામાં આવે છે.

### સામાન્ય માનવીના જીવન સાથે કાર્બન ઉત્સર્જનનો મુદ્દો કેવી રીતે સંકળાયેલો છે?

કાર્બન ઉત્સર્જન એ ફક્ત પર્યાવરણીય મુદ્દો જ નથી, પરંતુ તે લોકોના આરોગ્ય, હવામાન અને જીવનશૈલી સાથે સંકળાયેલો મુદ્દો છે. વાતાવરણમાં વધતું કાર્બન ઉત્સર્જન ગ્લોબલ વોર્મિંગ, અતિશય ગરમી, અનિયમિત વરસાદ, પૂર અને દુષ્કાળ જેવી સમસ્યાઓ ઊભી કરે છે. તેનાથી વિપરીત, ગ્રીન એનર્જીનો ઉપયોગ પ્રદૂષણ ઘટાડે છે, હવાની ગુણવત્તામાં સુધારો કરે છે અને આરોગ્યના જોખમો ઘટાડે છે. પર્યાવરણીય નિષ્ણાતો માને છે કે સૌર અને પવન ઊર્જા જેવા સ્વચ્છ ઊર્જા સ્ત્રોતો ભવિષ્યમાં પર્યાવરણીય સંરક્ષણનો આધાર તો બનશે જ, પરંતુ ઊર્જા સંરક્ષણ અને આર્થિક વિકાસ માટેના પણ મહત્વપૂર્ણ આધારસ્તંભો સાબિત થશે.

### 'નેટ ઝીરો' મિશનમાં ગુજરાતની મુખ્ય ભૂમિકા

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના 2070 સુધીમાં ભારતને નેટ ઝીરો બનાવવાના વિઝનને સાકાર કરવામાં ગુજરાત અગ્રણી ભૂમિકા ભજવી રહ્યું છે. આ દિશામાં, રાજ્ય સરકારે 2030 સુધીમાં 100 ગીગાવોટ રિન્યુએબલ એનર્જી ક્ષમતા હાંસલ કરવા માટે એક મહત્વાકાંક્ષી રોડમેપ તૈયાર કર્યો છે. ગુજરાતની આ સિદ્ધિ ફક્ત રાજ્ય પૂરતી મર્યાદિત નથી, પરંતુ તે ભારતના વૈશ્વિક આબોહવા સંબંધિત લક્ષ્યાંકો અને પેરિસ કરાર હેઠળ કરવામાં આવેલા સંકલ્પોને મજબૂત આધાર પ્રદાન કરે છે.

### વીજ ઉત્પાદનમાં ગ્રીન એનર્જીનો હિસ્સો વધ્યો

આ નોંધપાત્ર સિદ્ધિ દ્વારા, રાજ્ય સરકારે સ્પષ્ટ સંદેશ આપ્યો છે કે ગુજરાત ફક્ત નિર્ધારિત લક્ષ્યાંકોને પૂર્ણ કરવા સુધી જ સીમિત નથી રહેતું, પરંતુ આબોહવા પરિવર્તન સામે નવા માપદંડો પણ સ્થાપિત કરી રહ્યું છે. રાજ્યમાં અમલમાં મૂકવામાં આવેલી નીતિઓ, જેમ કે 'ઇન્ટિગ્રેટેડ RE પોલિસી 2026', 'ગ્રીન હાઇડ્રોજન પોલિસી' અને 'ગુજરાત પંપ સ્ટોરેજ પોલિસી'એ પર્યાવરણીય સંરક્ષણ માટેના અભિયાનને નવી ગતિ આપી છે.GEDA અને GPCL જેવી સંસ્થાઓના સતત પ્રયાસોને કારણે, આજે રાજ્યના વીજ ઉત્પાદન મિક્સમાં ગ્રીન એનર્જીનો હિસ્સો ઝડપથી વધ્યો છે.

### નવી સિવિલ હોસ્પિટલ અને સુડા ભવન ખાતે રાષ્ટ્રીય સફાઈ કર્મચારી આયોગના સભ્ય કરમસિંઘ કર્માની અધ્યક્ષતામાં

## સફાઈ કર્મચારીઓના પ્રશ્નો અંગે સમીક્ષા બેઠક યોજાઈ

• જે બી ટાંક પત્રકાર સુરત

રાષ્ટ્રીય સફાઈ કર્મચારી આયોગ(NCSK) સભ્ય કરમસિંઘ કર્માની અધ્યક્ષતામાં સફાઈ કર્મચારીઓના વિવિધ પ્રશ્નો અંગે નવી સિવિલ હોસ્પિટલ અને સુડા ભવન,વેસુ ખાતે સમીક્ષા બેઠક યોજાઈ હતી. જેમાં નવી સિવિલ અને



સુડાના ઉચ્ચ અધિકારીઓ, વિવિધ સફાઈ કામદાર મંડળોના પ્રતિનિધિઓ તેમજ સફાઈ કામદારોને માર્ગદર્શિત કરતા જણાવ્યું કે, તમામ સફાઈ કર્મચારીઓ માટે સુરક્ષિત કાર્યકારી વાતાવરણ સુનિશ્ચિત કરવા માટે શૂન્ય મેન્યુઅલ સ્કેવેન્જિંગ અને યાંત્રિક કામગીરી અપનાવવાની પ્રક્રિયાને વેગ આપવા પર વિશેષ ભાર મૂકયો હતો.કામદારોના કલ્યાણ, ગરિમા અને કામકાજની સ્થિતિની સુરક્ષા કરવી એ આપણી તેમજ દરેક નાગરિક સંસ્થાની સામૂહિક જવાબદારી છે એમ તેમણે ઉમેર્યું હતું.બેઠકમાં સુરતના પ્રાદેશિક નગરપાલિકા કમિશનર એસ.ડી. વસાવા, નવી સિવિલ હોસ્પિટલના તબીબી અધિક્ષક ડો.પારૂલ વડગામા, મેડિકલ કોલેજના ડીન, સુડાના સી.ઈ.ઓ. જિલ્લા સમાજ સુરક્ષા અધિકારી, અનુસૂચિત જાતિ કલ્યાણ વિભાગ-સુરતના નાયબ નિયામક, નાયબ શ્રમ આયુક્ત, ચીફ ઓફિસરો, સહિતના વિવિધ વિભાગોના પ્રતિનિધિઓ, સફાઈ કર્મચારી મંડળોના પ્રતિનિધિઓ, સફાઈકર્મીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### પ્રતિભાશાળી વિદ્યાર્થીઓને જાહેર મંચ પરથી સન્માનિત કરવાની પરંપરા નવી પેઢી માટે પ્રેરણારૂપ બનશે

## ગુર્જર ક્ષત્રિય કડિયા સમાજ સુરત દ્વારા તેજસ્વી તારલાઓના ભવ્ય સન્માન સમારોહનું આયોજન

**વિદ્યાર્થીઓની મહેનત, માતા-પિતાનું માર્ગદર્શન અને શિક્ષકોના સંસ્કારથી સમાજનું ભવિષ્ય વધુ ઉજ્જવળ બની શકે છે**

• જે.બી.ટાંક,પત્રકાર,સુરત

ગુર્જર ક્ષત્રિય કડિયા સમાજ, વરાછા રોડ દ્વારા સમાજના તેજસ્વી વિદ્યાર્થીઓ અને વિવિધ ક્ષેત્રોમાં ઉત્કૃષ્ટ સિદ્ધિ હાંસલ કરનાર પ્રતિભાશાળી તારલાઓના સન્માન માટે ભવ્ય *"તેજસ્વી તારલાઓ સન્માન સમારોહ"*નું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં સમાજના હોદ્દેદારો, મહાનુભાવો, આગેવાનો તેમજ મોટી સંખ્યામાં સમાજજનો ઉપસ્થિત રહ્યા હતા.આ પ્રસંગે ગુજરાત રાજ્યના પૂર્વ મંત્રી તથા વરાછા વિધાનસભાના લોકપ્રિય ધારાસભ્ય કુમારભાઈ કાનાણી મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યા હતા. તેમની સાથે પૂર્વ ટીપી ચેરમેન બાબુભાઈ જીરાવાલા, સમાજના મેનેજિંગ ટ્રસ્ટી કાંતિભાઈ ગાંગાણી, સમાજના પ્રમુખ રાજુભાઈ પરમાર, વિવિધ વિભાગોના પ્રમુખઓ, સમાજના ટ્રસ્ટીઓ, આગેવાનો



તેમજ કોર્પોરેટરઓએ કાર્યક્રમની શોભામાં વધારો કર્યો હતો.કાર્યક્રમ દરમિયાન તેજસ્વી વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવતાં મહાનુભાવોએ જણાવ્યું હતું કે શિક્ષણ એ સમાજના સર્વાંગી વિકાસનું સૌથી મજબૂત સાધન છે. વિદ્યાર્થીઓની મહેનત, માતા-પિતાનું માર્ગદર્શન અને શિક્ષકોના સંસ્કારથી સમાજનું ભવિષ્ય વધુ ઉજ્જવળ બની શકે છે. યુવાનોને સતત શિક્ષણ, સંસ્કાર અને સમાજસેવાની ભાવના સાથે આગળ વધવા માટે પ્રેરણા આપવામાં આવી હતી.આ અવસરે ઉપસ્થિત મહાનુભાવોએ સમાજ દ્વારા કરવામાં આવતા શૈક્ષણિક, સામાજિક અને સેવાકીય કાર્યોની પણ પ્રશંસા કરી હતી. સમાજ દ્વારા પ્રતિભાશાળી વિદ્યાર્થીઓને જાહેર મંચ પરથી સન્માનિત કરવાની પરંપરા નવી પેઢી માટે પ્રેરણારૂપ હોવાનું જણાવાયું હતું.કાર્યક્રમ દરમિયાન સમાજ વતી પૂર્વ મંત્રી અને ધારાસભ્ય કુમારભાઈ કાનાણી, પૂર્વ ટીપી ચેરમેન બાબુભાઈ જીરાવાલા, મેનેજિંગ ટ્રસ્ટી કાંતિભાઈ ગાંગાણી, પ્રમુખ રાજુભાઈ પરમાર સહિત ઉપસ્થિત મહાનુભાવોને શાલ, પુષ્પગુચ્છ અને સ્મૃતિચિહ્ન અર્પણ કરી ભાવભીનું સન્માન કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત ઉપસ્થિત કોર્પોરેટરઓનું પણ સમાજ વતી વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું.સમારોહમાં સમાજના મોટી સંખ્યામાં સભ્યો, વડીલો, મહિલાઓ, યુવાનો, વિદ્યાર્થીઓ અને વાલીઓ ઉત્સાહભેર જોડાયા હતા. સમગ્ર કાર્યક્રમ હર્ષોલ્લાસ અને ગૌરવપૂર્ણ વાતાવરણ વચ્ચે સફળતાપૂર્વક સંપન્ન થયો હતો.સમાજના હોદ્દેદારોએ જણાવ્યું હતું કે ભવિષ્યમાં પણ સમાજના તેજસ્વી વિદ્યાર્થીઓને પ્રોત્સાહન મળે અને સમાજમાં શિક્ષણનું મહત્વ વધુ મજબૂત બને તેવા વિવિધ કાર્યક્રમોનું આયોજન સતત કરવામાં આવશે.

### ઉચ્ચ શિક્ષણ અને કન્યા કેળવણીને પ્રોત્સાહન મળશે

## ગાંધીનગર ખાતેથી 139 નવીન બસોનું મુખ્યમંત્રી-ના. મુખ્યમંત્રી દ્વારા લોકાર્પણ

• ગાંધીનગર

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ રાજ્યના આદિજાતિ જિલ્લાઓના દુર્ગમ, અંતરિયાળ વિસ્તારોના વિદ્યાર્થીઓને શાળા કોલેજ જવા આવવા માટે સમયસર અને સુરક્ષિત પરિવહન વ્યવસ્થાની સુવિધાની ભેટ આપી છે. આ હેતુસર ભગવાન બિરસા મુંડા જનજાતિય ગૌરવ પરિવહન બસ સેવામાં નવી 139 બસોને તેમણે ગાંધીનગરથી ફ્લેગ ઓફ કરાવ્યું હતું. રાજ્ય સરકારના આદિજાતિ વિકાસ વિભાગ અને ગુજરાત રાજ્ય માર્ગ વાહનવ્યવહાર નિગમના સંયુક્ત ઉપક્રમે કુલ 33.84 કરોડના ખર્ચે આ નવી 139 બસો આદિજાતિ વિસ્તારોમાં સેવામાં મૂકવામાં આવી છે.

રાજ્ય સરકારે આદિજાતિ વિસ્તારના અંતરિયાળ, દુર્ગમ અને પહાડી પ્રદેશોમાં વસતા આદિજાતિ પરિવારોના બાળકો અને યુવાઓને તેમના વસવાટના સ્થળેથી દૂર આવેલા શાળા-કોલેજોમાં અભ્યાસ માટે અવર-જવરની સરળ સુવિધા, ટ્રાન્સપોર્ટેશન સહુલિયત માટે ભગવાન બિરસા મુંડા જનજાતિય ગૌરવ પરિવહન યોજનામાં રૂ.72 કરોડના ખર્ચે 250 બસો ફાળવવાની જાહેરાત કરેલી છે.

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ ભગવાન બિરસા મુંડાજીની 150મી જન્મ જયંતી ઉજવણી અવસરે ગયા વર્ષે તારીખ 15 નવેમ્બરે નર્મદા જિલ્લાના ડેડીયાપાડા ખાતેથી આ યોજના અંતર્ગત 111 બસોને લીલી ઝંડી આપીને આદિજાતિ વિસ્તારોમાં વિદ્યાર્થીઓની સેવા માટે પ્રસ્થાન કરાવ્યું હતું. ભગવાન બિરસા મુંડા જનજાતિય ગૌરવ પરિવહન બસ સેવા અન્વયે વધુ 139 બસોને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ મંગળવાર 21 જુલાઈએ રાજ્યના જુદા જુદા વિસ્તારો માટે રવાના કરાવી હતી.આ બસ સેવાઓનો લાભ અંદાજે 4100થી વધુ આદિજાતિ વિદ્યાર્થીઓને શાળા કોલેજે અવરજવર માટે મળતો થશે. એટલું જ નહીં, પરિવહન સુવિધા થકી કન્યા કેળવણી અને ઉચ્ચ શિક્ષણને પ્રોત્સાહન મળશે.

શાળા કોલેજોમાં નિયમિત હાજરીમાં વધારો અને શાળા છોડવાના દરમાં પણ ઘટાડો થશે. આ ઉપરાંત, વિદ્યાર્થીના ઘરેથી શાળા અને શાળાએથી ઘર સુધીની સમયસર અને સુરક્ષિત પરિવહન વ્યવસ્થા મળતી થશે. બિરસા મુંડા જનજાતિય ગૌરવ પરિવહન હેઠળ આ તમામ બસોને GPS પદ્ધતિથી મોનિટરિંગ અને રોજેરોજ બસમાં મુસાફરી કરતા વિદ્યાર્થીઓનું નામ, બસ પાસ નંબર, રૂટ, શાળા તથા ગામની વિગતોનું વેબ પોર્ટલના માધ્યમથી અપડેટ પણ મળતું રહેશે. શાળા કોલેજ સમય બાદ આ બસોની સુવિધા રેવન્યુ મોડલથી આદિજાતિ વિસ્તારોના લોકોને પણ મળી શકશે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ આ યોજનાના પ્રથમ તબક્કામાં ફ્લેગ ઓફ કરાવેલી 111 બસોનો રાજ્યના આદિજાતિ જિલ્લાઓના વિદ્યાર્થીઓએ ખૂબ મોટા પ્રમાણમાં લાભ મેળવ્યો છે.

## અમદાવાદમાં કાળાડિબાંગ વાદળો વચ્ચે વરસાદ વરસ્યો

• અમદાવાદ

રાજ્યમાં ચોમાસું સક્રિય થતાં અમદાવાદમાં ધીમીધારે વરસાદ વરસ્યો, જ્યારે દક્ષિણ ગુજરાતના નવસારી અને સુરતમાં ભારે વરસાદથી જનજીવન પ્રભાવિત થયું. નવસારીમાં 71 રસ્તાઓ વાહનવ્યવહાર માટે બંધ કરાયા. સુરતના નીચાણવાળા વિસ્તારો જળમગ્ન થતાં લિંબાયત ગરનાળું બંધ કરાયું. હવામાન વિભાગે ઉત્તર, મધ્ય ગુજરાત અને સૌરાષ્ટ્ર માટે યલો એલર્ટ જાહેર કર્યું છે. રાજ્યમાં ચોમાસાની સિસ્ટમ સક્રિય થતાં વિવિધ વિસ્તારોમાં વરસાદી માહોલ જામ્યો છે. હવામાન વિભાગ દ્વારા કરવામાં આવેલી આગાહી વચ્ચે અમદાવાદ શહેરમાં કાળાડિબાંગ વાદળો ઘેરાયા હતા અને વિવિધ વિસ્તારોમાં ધીમીધારે ઝરમર વરસાદ શરૂ થયો હતો. બીજી તરફ દક્ષિણ ગુજરાતના નવસારી અને સુરતમાં પડેલા ભારે વરસાદને કારણે જનજીવન પર માઠી અસર જોવા મળી છે.

હવામાન વિભાગની હળવાથી મધ્યમ વરસાદની આગાહી વચ્ચે આજે અમદાવાદ શહેરના એસ.જી. હાઈવે, વાડજ, થલતેજ, આશ્રમ રોડ, ઉસ્માનપુરા અને ઈન્કમટેક્સ સહિતના વિસ્તારોમાં કાળાડિબાંગ વાદળો વચ્ચે ધીમી ધારે વરસાદી પધરામણી થઈ હતી. વરસાદના કારણે વાતાવરણમાં ઠંડક પ્રસરી ગઈ હતી. દક્ષિણ ગુજરાતના નવસારી જિલ્લામાં વરસેલા ધોધમાર વરસાદને કારણે માર્ગો પર પાણી ફરી વળ્યા છે. રસ્તાઓ પર પાણી ફરી વળતાં અને ઓવરટોપિંગ થવાના કારણે વહીવટીતંત્ર દ્વારા તાત્કાલિક ધોરણે 71 જેટલા રસ્તાઓ વાહનવ્યવહાર માટે બંધ કરી દેવામાં આવ્યા છે.

### પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના 'મન કી બાત' કાર્યક્રમના અનુસંધાને

## ભાજપા પ્રદેશ અધ્યક્ષ જગદીશભાઈ વિશ્વકર્માની અધ્યક્ષતામાં બેઠક યોજાઇ

• ગાંધીનગર

ગુજરાત પ્રદેશ ભાજપા મીડિયા વિભાગની અખબારી યાદી જણાવે છે કે, પ્રત્યેક મહિનાના અંતિમ રવિવારે પ્રસારિત થતાં પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના 'મન કી બાત' કાર્યક્રમના અનુસંધાને ભાજપા પ્રદેશ અધ્યક્ષ જગદીશભાઈ વિશ્વકર્માની અધ્યક્ષતામાં તથા પ્રદેશ સંગઠન મહામંત્રી રત્નાકરજીની ઉપસ્થિતિમાં જિલ્લા - મહાનગરના 'મન કી બાત' કાર્યક્રમના ઈન્ચાર્જઓ તથા ટીમના સભ્યોની ભાજપા પ્રદેશ કાર્યાલય 'કમલમ', કોબા, ગાંધીનગર ખાતે સંગઠનાત્મક બેઠક યોજાઇ હતી.ભાજપા પ્રદેશ અધ્યક્ષ જગદીશભાઈ વિશ્વકર્માએ બેઠકમાં વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના 'મન કી બાત' કાર્યક્રમમાં સમાજના વિવિધ વર્ગોને સાથે જોડવા તેમજ કાર્યક્રમના સંદેશને જનજન સુધી પહોંચાડવા માટે સંગઠનાત્મક આયોજન પર વિશેષ ભાર મૂક્યો હતો અને વિસ્તૃત માર્ગદર્શન આપ્યું હતું. તેમણે કહ્યું કે, 'મન કી બાત' કાર્યક્રમ દેશના સામાન્ય નાગરિકોના પ્રેરણાદાયી પ્રયાસોને રાષ્ટ્રીય મંચ આપતો અનોખો કાર્યક્રમ છે. પ્રદેશ સંગઠન મહામંત્રી રત્નાકરજીએ બેઠકમાં 'મન કી બાત' કાર્યક્રમના બુથ સ્તર સુધી અસરકારક અને સુચારુ આયોજન અંગે વિગતવાર માર્ગદર્શન આપ્યું હતું.આ કાર્યક્રમમાં 'મન કી બાત' કાર્યક્રમના પ્રદેશ ઈન્ચાર્જ મતી વર્ષાબેન દોશી, પ્રદેશ સહ ઈન્ચાર્જઓ માધુભાઈ કથરીયા તથા મનીષભાઈ પટેલ, જિલ્લા - મહાનગરના 'મન કી બાત' કાર્યક્રમના ઈન્ચાર્જઓ અને ટીમના સભ્યો ઉપસ્થિત રહ્યાં હતાં.





